।। कोबातीर्थमंडन श्री महावीरस्वामिने नमः ।।

।। अनंतलब्धिनिधान श्री गौतमस्वामिने नमः ।। ।। गणधर भगवंत श्री सुधर्मास्वामिने नमः ।।

।। योगनिष्ठ आचार्य श्रीमद् बुद्धिसागरसूरीश्वरेभ्यो नमः ।। ।। चारित्रचूडामणि आचार्य श्रीमद् कैलाससागरसूरीश्वरेभ्यो नमः ।।

# आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर

## पुनितप्रेरणा व आशीर्वाद

## राष्ट्रसंत श्रुतोद्धारक आचार्यदेव श्रीमत् पद्मसागरसूरीश्वरजी म. सा.

## जैन मुद्रित ग्रंथ स्केनिंग प्रकल्प

ग्रंथांक : १

श्री महावीर जैन आराधना केन्द्र

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-श्री महावीर जैन आराधना केन्द्र
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-३८२००७ (गुजरात)
(079) 23276252, 23276204
फेक्स : 23276249
Websiet : www.kobatirth.org
Email : Kendra@kobatirth.org

शहर शाखा

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
शहर शाखा
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
त्रण बंगला, टोलकनगर
परिवार डाइनिंग हॉल की गली में
पालडी, अहमदाबाद – ३८०००७
(079) 26582355

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir

શ્રી પુરુષાદાનીય પાર્શ્વનાથાય નમ:

પ. પૂ. પંડિતવર્ય

શ્રી વીર વિજયજી મહારાજ સાહેબ કૃત

# શ્રી સ્નાત્રપૂજા શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજા તથા શ્રી અંતરાય કર્મ નિવારણ પૂજા



શ્રી પાર્શ્વ ભક્તિ મંડળ

C/o. શ્રી હિંમતભાઇ પી. શાહ વકીલ

૩૭, પ્રોફેસર્સ કોલોની,

વિજય રેસ્ટોરન્ટ પાસે. નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.

ટે. નં. ઘર : ૪૯૩૪૬૨, * ઓફીસ : ૪૪૩૧૨૬

For Private And Personal


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir

શ્રી પુરૂષાદાનીય પાર્શ્વનાથ ભગવાન

વામાદેવીના જાયા




અશ્વસેનના પનોતા પુત્ર

જીવનભર તું ગાવા દેજે,
જીનવર તારા ગીત,
ગાતા રે ગાતા કરવી છે મારે,
તારી સાથે પ્રિત,
શ્રી પાર્શ્વનાથ ભગવંતને ઘણી ખમ્મા,

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir

પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી કૈલાસસાગર
સૂરીશ્વરજી મહારાજ સાહેબ



અમારા શ્રી પાર્શ્વભક્તિ મંડળની સફળતામાં જે પૂજ્ય ગુરૂદેવના અણમોલ આશીર્વાદ રહેલા છે. તે પૂજ્યના ચરણમાં કોટિ કોટિ વંદન

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir

# પ્રકાશકીય બે બોલ

**અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજજાય રે**
**ભેદ છેદ કરી આતમા, અરિહંતરૂપી થાય રે**

અનંત પુણ્ય રાશીના મહાન પુણ્યોદયે અનંતકાલમાં રખડતા અનંતાનંત ગુણધારક, સંપૂર્ણજ્ઞાન દશાના અખૂટ ખજાનાના માલિક, જીવ માત્ર પ્રત્યે મૈત્ર્યાદિ ભાવ સંપૂર્ણ ધારણ કરનારા...સંસારથી પાર ઊતારનારા તે તારક અરિહંત પરમાત્માનું અર્હદ્ દર્શન પ્રાપ્ત થયું....તે અરિહંતની ભક્તિ તારે તારે ને તારે જ...

"જિનાગમ જિનબિંબ ભવિયણ કું આધારા"...શ્રી જિનાગમ શ્રી જિનબિંબ ભવ્ય જીવો માટે આધાર છે. મારે અને સૌને તરવું છે. તે તારક આપણા સૌના નાનકડા હૃદયપટમાં બિરાજમાન થાય....તે હૃદયંગત હોંશ પૂર્ણ કરવા...પ્રભુના જેવું આપણે સૌને થવું જ છે. માટે બાળક બાપની પાસે કાલી કાલી ભાષા બોલે છે છતાં મીઠી મધુરી લાગે છે. તેમ અમ જેવા બાળકની સમજણ કે અણુ સમજની કરેલી એ તારકની ભક્તિ શિવપુરીમાં લઈ જ જશે એવી દઢ શ્રદ્ધા પૂર્વક ભક્તિ કરી રહ્યા છીએ. ભક્ત...ભક્તિ કરવામાં ન રાખે ખામી તો સમજી લેવું કે ભગવાનની ભકિત ભક્તને ભગવાન બનાવશે જ ? ઉપરોક્ત દુહામાં લખ્યું છે કે અરિહંતપદનું ધ્યાન દ્રવ્ય–ગુણ–પર્યાયનો જ્ઞાતા બનાવે છે તે જ્ઞાત બનેલો આત્મા ભેદ–છેદ (સંસારના ભેદ સમજી તેનો છેદ કરવા માટે પ્રયત્નશીલ બનેલો) સમજનાર અરિહંત જેવો થાય છે... સંસારથી તારનારી તારી ભકિત મને મુક્તિ કરતાં વધુ વહાલી છે. તે માટે હે સુજ્ઞબંધુઓ દેવ ગુરૂ ધર્મના પ્રભાવે શ્રી પાર્શ્વભકિત મંડળની સ્થાપના સં. ૨૦૩૧, મહાવદ–૩ તા.



For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



૨૮–૨–૭૫ના દિને થઇ—શુભ પરિણામો થકી.....પ્રભુ ભકિતનો મહિમા જોયો, જાણ્યો, અનુભવ્યો...અનેક ભાવિકોને ભકિતના સાદૃશ્ય પ્રસંગો હૃદય સ્પર્શી બન્યા...જે આ જિનની ભકિત નિજને ઓળખાવનારી, અહંની પ્રક્રિયાને દૂર કરનારી, અર્હં બતાવનારી...એ ભકિતના પ્રભાવે અમારૂં આ શ્રી પાર્શ્વભકિત મંડળ...સમગ્ર રાજનગર ઉપનગર અને બહાર ગામોમાં શહેરમાં પ્રસિદ્ધિને પામ્યું. આ મંડળ વર્ષોથી હરરોજ શ્રી પુરૂષાદાનીય પાર્શ્વનાથ ભવ્ય જિનાલયમાં પાંચ કલ્યાણકની ઉજવણી રૂપ શ્રી સ્નાત્રપૂજા ભણાવે છે. જેથી નવકારશી દેવ-ગુરુ-ધર્મની આરાધના-સાધર્મિકોનો સહચારી ભાવ જાગતો રહે છે. શ્રી સકલ સંઘ પાસે અમારૂં મંડળ આશા રાખે છે કે અમોને વારંવાર ભકિત ભાવના કરવા પ્રેરણા આપતા રહો.

અમો શ્રી મંડળના સભ્યો સૌ સવારે ઉપાશ્રયમાં સામાયિક, પ્રતિક્રમણાદિ ક્રિયા પણ કરીએ છીએ.

અમો શ્રી મંડળના ભાઇઓએ શ્રીપાર્શ્વ પંચકલ્યાણક પૂજા, શ્રી અંતરાય કર્મ-નિવારણ પૂજા, સ્નાત્ર મહોત્સવ વિગેરે પ્રસંગે ઠામે ઠામ જઇએ છીએ. ભાવિકો અમને લાભ આપે છે અમે દાસ થઈને ભકિત કરીએ છીએ. આશા છે કે કર્મ નિર્જરા માટે વધુને વધુ ભકિત અમો કરતા રહીએ...

**શ્રી પાર્શ્વ ભકિત મંડળ વતી**
**શ્રી હિંમતભાઇ પી. શાહ વકીલ**

સંપર્ક સરનામું : **શ્રી પાર્શ્વ ભકિત મંડળ**
**C/O હિંમતભાઇ શાહ વકીલ**
૩૭, પ્રોફેસર્સ કોલોની, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
ટે. નં. ૪૯૩૪૬૨. ઓફિસ : ૪૪૩૧૨૬

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



# પં. શ્રી વીરવિજયજીકૃત સ્નાત્રપૂજા

સરસશાન્તિસુધારસસાગરં, શુચિતરં ગુણરત્નમહાગરં !
ભવિકપંકજબોધદિવાકરં, પ્રતિદિનં પ્રણમામિ જિનેશ્વરં ॥૧

॥ દુહો ॥

કુસુમાભરણ ઉતારીને, પડિમા ધરિય વિવેક ॥
મજ્જનપીઠે થાપીને, કરીએ જળ અભિષેક ॥૨॥

॥ ગાથા ॥ આર્યાગીતિ ॥

જિણજમ્મસમયે મેરૂ-સિહરે રયણકણયકલસેહિં ॥
દેવાસુરેહિં ણ્હવિઓ, તે ધન્ના જેહિં દિટ્ઠોસિ ॥૩॥

॥ કુસુમાંજલિ ઢાળ ॥

નિર્મળ જળકળશે ન્હવરાવે, વસ્ત્ર અમૂલક અંગ ધરાવે ॥
કુસુમાંજલિ મેલો આદિ જિણંદા ॥
સિદ્ધસ્વરૂપી અંગ પખાળી, આતમ નિર્મળ હુઇ સુકુમાળી
કુસુમાંજલિ મેલો આદિ જિણંદા ॥ ॥૪॥

॥ ગાથા ॥ આર્યા ગીતિ ॥

મચકુંદચંપમાલઇ, કમલાઇપુપ્ફપંચવણ્ણાઇ ॥
જગનાહન્હવણસમયે, દેવા કુસુમાંજલિ દિંતી ॥૫॥
નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્ય:

॥ કુસુમાંજલિ ઢાળ ॥

રયણ સિંહાસન જિન થાપીજે, કુસુમાંજલિપ્રભુચરણેદીજે ॥
કુસુમાંજલિ મેલો શાંતિ જિણંદા ॥૬॥

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



॥ દુહો ॥

જિણ તિહું કાલય સિદ્ધની, પડિમા ગુણભંડાર ॥
તસુ ચરણે કુસુમાંજલિ, ભવિક દુરિત હરનાર ॥૭॥
નમોऽર્હત્ સિદ્ધાચાર્યો પાધ્યાય સર્વ સાધુભ્ય:

॥ કુસુમાંજલિ ઢાળ ॥

કૃષ્ણાગુરૂ વરધૂપ ધરીજે. સુગંધકર કુસુમાંજલિ દીજે ॥
કુસુમાંજલિ મેલો નેમિ જિણંદા ॥૮॥

॥ ગાથા ॥ આર્યાગીતિ ॥

જસુ પરિમલબલદહદિસિં, મહુકરઝંકારસદ્દસંગીયા ॥
જિણચલણોવરિ મુક્કા, સુરનરકુસુમાંજલિ સિદ્ધા ॥૯॥
નમોऽર્હત્ સિદ્ધા-ચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્ય:

॥ કુસુમાંજલિ ઢાળ ॥

પાસ જિણેસર જગ જયકારી,
જલ થલ ફુલ ઉદક કરધારી ॥
કુસુમાંજલિ મેલો પાર્શ્વજિણંદા. ॥૧૦॥

॥ દુહો ॥

મૂકે કુસુમાંજલિ સૂરા. વીરચરણ સુકુમાલ ॥
તે કુસુમાંજલિ ભવિકનાં. પાપ હરે ત્રણ કાળ ॥૧૧॥
નમોऽર્હત્ સિદ્ધાચાર્યો-પાધ્યાય સર્વ સાધુભ્ય:

॥ કુસુમાંજલિ ઢાળ ॥

વિવિધ કુસુમ વરજાતિ ગહેવી, જિનચરણે પણમંત ઠવેવી ॥
કુસુમાંજલિ મેલો વીર જિણંદા ॥૧૨॥

॥ વસ્તુછંદ ॥

ન્હવણકાળે ન્હવણકાળે. દેવદાણવસમુચ્ચિય, કુસુમાં.-
જલિ તહિ સંઠવિય-પસરંત દિસિ પરિમલ સુગંધિય;

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



જિણ પયકમલે નિવડેઇ વિગ્ઘહર જસ નામમંતો, અનંત ચઉવીસ જિન. વાસવમલિય અસેસ, સા કુસુમાંજલિ સુહકરો, ચઉવિહ સંઘ વિશેષ. કુસુમાંજલિ મેલો ચઉવીસ જિણંદા. ॥૧૩॥

નમોઽર્હત્ સિદ્ધાચાર્યો-પાધ્યાય સર્વ સાધુભ્ય:

## કુસુમાંજલિ ઢાળ

અનંત ચઉવીશી જિનજી જુહારું, વર્તમાન ચઉવીશી સંભારૂં ॥
કુસુમાંજલિ મેલો ચોવીસ જિણંદા ॥ ૧૩ ॥

॥ દુહો ॥

મહાવિદેહે સંપ્રતિ, વિરહમાન જિન વીશ ॥
ભક્તિ ભરે તે પૂજિયા, કરો સંઘ સુજગિશ ॥૧૫॥

## ॥ કુસુમાંજલિ ઢાળ ॥

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્ય:
અપચ્છર મંડલિ ગીત ઉચ્ચારા,
શ્રી શુભ-વીર-વિજય જયકારા ॥
કુસુમાંજલિ મેલો સર્વ જિણિંદા ॥ ૧૬ ॥

## ॥ શ્રી શત્રુંજયના દુહા ॥

(૧) એકેકું ડગલું ભરે, શેત્રુંજા સમો જેહ,
ઋખવ કહે ભવ કોડનાં, કર્મ ખપાવે તેહ,
(૨) શેત્રુંજા સમો તિરથ નહિ, ઋષભ સમો નહિ દેવ,
ગૌતમ સરીખા ગુરુ નહિ. વળી વળી વંદુ તેહ.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



(૩) સિદ્ધાચલ સમરું સદા, સોરઠ દેશ મોઝાર,
મનુષ્ય જન્મ પામી કરી, વંદુ વાર હજાર.

(૪) સોરઠ દેશમાં સંચર્યો, ન ચઢયો ગઢ ગિરનાર,
શેત્રુંજી નદી નાહ્યો નહિં, એનો એળે ગયો અવતાર.

(૫) શેત્રુંજી નદી નાહિને, મુખબાંધી મુખકોશ,
દેવ યુગાદિ પૂજીએ, આણી મન સંતોષ

(૬) સ્નાત્ર ભણાવી પાર્શ્વનું, પુજા કીજે સાર,
પૂજક પૂજ્યની પૂજના. સમજી જે સુખાકાર,

(૭) કાળ અનાદિ અનંતથી,ભવ-ભ્રમણનો નહીં પાર,
તે ભ્રમણા નિવારવા, પ્રદક્ષિણા દઉં ત્રણ સાર.

(૮) ભમતીમાં ભમતા થકાં, ભવ ભાવઠ દૂર પલાય.
દર્શન જ્ઞાન ચારિત્ર રૂપ, પ્રદક્ષિણા ત્રણ દેવાય.

(૯) જન્મમરણાદિ ભવ ટળે, સીઝે જો દર્શન કાજ,
રત્નત્રય પ્રાપ્તિ ભણી, દર્શન કરો જિનરાજ.

(૧૦) જ્ઞાન વડું સંસારમાં, જ્ઞાન પરમ સુખ હેત,
જ્ઞાન વિના જગજીવડા, ન લહે તત્ત્વ સંકેત

(૧૧) ચય તે સંચય કર્મનો, રિકત કરે વળી જેહ
ચારિત્ર ભાખ્યું નિર્યુકિતએ, વંદો તે ગુણ ગેહ.

(૧૨) દર્શન જ્ઞાન ચારિત્ર એ રત્નત્રયી શિવદ્વાર,
ત્રણ પ્રદક્ષિણા તે કારણે, ભવદુઃખ ભંજન હાર.

(જગચિંતામણી ચૈત્યવંદનનો પાઠ નીચે પ્રમાણે)
ઇચ્છાકારણ સંદિસહ ભગવાન ચૈત્યવંદન કરૂં.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



જગચિંતામણિ જગનાહ, જગગુરુ જગરૂખખણ, જગબંધવ, જગસત્થવાહ, જગભાવવિઅખ્ખણ, અઠ્ઠાવય સંઠવિઅરૂવ કમ્મઠ્ઠવિણાસણ, ચઉવિસંપિ જિણવર જયંતુ, અપ્પડિહયસાસણ ॥૧॥

કમ્મભૂમિહિં કમ્મભૂમિહિં પઢમ સંઘયણી, ઉક્કોસય, સત્તરિસય, જિણવરાણ વિહરંત લબ્ભઈ, નવકોડિહિં કેવલિણ, કોડિસહસ્સ નવ સાહુ ગમ્મઈ, સંપઈ જિણવર વીસમુણી, બિહું કોડિહિં વરનાણ, સમણહ કોડીસહસ્સ દુઅ, થુણિજ્જઈ નિચ્ચ વિહાણી ॥૨॥

જયઉ સામિય જયઉ સામિય રિસહ સત્તુંજિ ઉજ્જિંતિપહુ નેમિજિણ, જયઉ, વીર સચ્ચઉરિમંડણ ભરૂઅચ્છહિં મણિસુવ્વય, મુહરિપાસ દુહ-દુરિઅખંડણ, અવરવિદેહિં તિત્થયરા, ચિંહુ દિસિ વિદિસિ જિં કેવિ, તિઆણાગય સંપઈઅ, વંદુ જિણ સવ્વે વિ. ॥૩॥

સત્તાણુવઈ સહસ્સા, લખ્ખા છપ્પન અઠ્ઠકોડિઓ,
બત્તિસસય બાસિઆઈ, તિઅલોએ ચેઇએ વંદે ॥૪॥

પનરસ કોડિસયાઈં, કોડિબાયાલ લખ્ખ અડવન્ના,
છત્તીસ સહસ અસિઇં, સાસયબિંબાઈં પણમામિ ॥૫॥
જં કિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ.
જાઈં જિણબિંબાઇં, તાઈં સવ્વાઈં વંદામિ.

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં, આઇગરાણં, તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં, પુરિસુત્તમાણં, પુરિસસીહાણં. પુરિસવરપુંડરિઆણં, પુરિસવરગંધહત્થિણં, લોગુત્તમાણં,

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



લોગનાહાણં, લોગહિઆણં, લોગપઇવાણં, લોગપજ્જોઅગરાણં, અભયદયાણં, ચક્ખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, ધમ્મદયાણં, ધમ્મદેસયાણં ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં ધમ્મવરચાઉરંત ચક્કવટ્ટીણં, અપ્પડિહય-વરનાણદંસણધરાણં, વિઅટ્ટછઉમાણં

જિણાણં જાવયાણં, તિન્નાણં, તારયાણં, બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં, સવ્વન્નૂણં સવ્વદરિસીણં, સિવ-મયલ-મરૂઅ-મણંત-મક્ખય-મવ્વાબાહ-મપુણરા. વિત્તિ-સિદ્ધિગઈ નામધેયં ઠાણં સંપત્તાણં, નમો જિણાણં જિઅભયાણં.

જેઅ અઈઆ સિદ્ધા, જેઅ ભવિસ્સંતિણાગએ કાલે,
સંપઇઅ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ॥
જાવંતિ ચેઈઆઇં, ઉઢ્ઢેઅ અહે અ તિરિઅલોએ અ,
સવ્વાઇં તાઈં વંદે, ઈહ સંતો તત્થસંતાઈં ॥

ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ, નિસીહિઆએ મત્થએણ વંદામિ.

જાવંત કે વિ સાહુ, ભરહેરવયમહાવિદેહે અ.
સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં.

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ।

ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મઘણમુક્કં.
વિસહર-વિસનિન્નાસં, મંગલકલ્લાણ આવાસં ॥ ૧ ॥
વિસહરફુલિંગમંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ,
તસ્સ ગહરોગમારી, દુટ્ઠ જરા જંતિ ઉવસામં ॥ ૨ ॥

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્ઝપણામો વિ બહુફલો હોઇ,
નરતિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખદોગચ્ચં. ॥ ૩ ॥
તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણી કપ્પપાયવબ્ભહિએ,
પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં. ॥ ૪ ॥
ઇઅ સંથુઓ મહાયસ, ભત્તિબ્ભરનિબ્ભરેણ હિયએણ,
તા દેવ દિજ્જ બોહિં, ભવે ભવે પાસજિણચંદ ॥ ૫ ॥
પછી લલાટ સુધી બે હાથ જોડી
જય વીયરાય જગગુરૂ, હોઉ મમં તુહ પભાવઓ ભયવં,
ભવનિવ્વેઓ મગ્ગાણુસારિયા ઇટ્ઠફલસિદ્ધિ. ૧
લોગવિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણપુઆ પરત્થકરણં ચ,
સુહગુરુજોગો તવ્વયણ–સેવણા આભવમખંડા. ૨
(હાથ નીચા ઉતારી નાસિકા સુધી રાખવા)
વારિજ્જઇ જઇ વિ નિયાણ–બંધણં વીયરાય તુહ સમએ,
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં. ૩
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ
સંપજ્જઉ મહએઅં, તુહ નાહ પણામકરણેણં. ૪
સર્વમંગલમાંગલ્યં. સર્વકલ્યાણકારણં,
પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ૫

પછી હાથ ધૂપી, મુખકોશ બાંધી, હાથમાં કળશ લઇ ઊભા રહીને નીચેનો કળશ કહેવો.

## ॥ કળશ ॥ દોહા ॥

સયલ જિણેસર પાય નમિ, કલ્યાણક વિધિ તાસ ॥
વર્ણવતાં સુણતાં થકાં, સંઘની પુગે આશ ॥ ૧ ॥

For Private And Personal

## ॥ ઢાળ ॥

સમકિત ગુણઠાણે પરિણમ્યા, વળી વ્રતધર સંયમસુખ રમ્યા ॥
વીશ સ્થાનક વિધિએ તપ કરી,
એસી ભાવદયા દિલમાં ધરી ॥ ૧ ॥
જો હોવે મુજ શક્તિ ઇસી, સવિ જીવ કરું શાસનરસી ॥
શુચિરસ ઢલતે તિહાં બાંધતા, તીર્થંકરનામ નિકાચતા ॥૨॥
સરાગથી સંયમ આચરી, વચમાં એક દેવનો ભવ કરી ॥
ચ્યવી પન્નર ક્ષેત્રે અવતરે, મધ્યખંડે પણ રાજવી કુળે ॥૩॥
પટરાણી કુખે ગુણનીલો, જેમ માનસરોવર હંસલો ॥
સુખશય્યાએ રજની શેષે, ઊતરતાં ચઉદ સુપન દેખે ॥૪॥

## ॥ ઢાળ સ્વપ્નની ॥

પહેલે ગજવર દીઠો બીજે વૃષભ પઈઠો ॥
ત્રીજે કેસરીસિંહ. ચોથે લક્ષ્મી અબિહ ॥૧॥
પાંચમે ફૂલની માળ, છઠ્ઠે ચંદ્ર વિશાલ ॥
રવિ રાતો ધ્વજ મોટો, પૂરણ કળશ નહિં છોટો ॥૨॥
દસમે પદ્મ સરોવર, અગિયારમે રત્નાકર ॥
ભુવનવિમાન રત્નગંજી અગ્નિશિખા ધૂમવર્જી ॥૩॥
સ્વપ્ન લહી જઈ રાયને ભાસે, રાજા અર્થ પ્રકાશે ॥
પુત્ર તીર્થંકરત્રિભુવન નમશે, સકળ મનોરથ ફળશે ॥૪॥

## ॥ વસ્તુ છંદ ॥

અવધિનાણે અવધિનાણે, ઉપના જિનરાજ,
જગતજસ પરમાણુઆ, વિસ્તર્યા વિશ્વજંતુ સુખકાર,
મિથ્યાત્વ તારા નિર્બલા, ધર્મ ઉદય પરભાત સુંદર,
માતા પણ આણંદિયા, જાગતિ ધર્મ વિધાન,
જાણંતી જગતિલક સમો, હોશે પુત્ર પ્રધાન ॥૧॥

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



॥ દુહો ॥

શુભલગ્ને જિન જનમીયા, નારકીમાં સુખ જ્યોત,
સુખ પામ્યા ત્રિભુવનજના, હુઓ જગત ઉદ્યોત. ૧

॥ ઢાળ ॥ કડખાની દેશી ॥

સાંભળો કળશ જિન મહોત્સવનો ઈહાં
છપ્પન કુમરી દિશિ વિદિશિ આવે તિહાં ॥
માય સુત નમિય આણંદ અધિકો ધરે,
અષ્ટ સંવર્તવાયુથી કચરો હરે ॥૧॥
વૃષ્ટિ ગંધોદકે અષ્ટકુમરી કરે,
અષ્ટ કલશા ભરી અષ્ટદર્પણ ધરે ॥
અષ્ટ ચામર ધરે અષ્ટપંખા લહી,
ચાર રક્ષા કરી, ચાર દીપક ગ્રહી ॥૨॥
ઘર કરી કેળના માયસુત લાવતી,
કરણશુચિકર્મ જળ કળશે ન્હાવરાવતી ॥
કુસુમ પૂજી અલંકાર પહેરાવતી,
રાખડી બાંધી જઇ શયન પધરાવતી ॥૩॥
નમિય કહે માય ! તુજ બાળ લીલાવતી,
મેરુ રવિ ચંદ્ર લગે જીવજો જગપતિ ॥
સ્વામીગુણ ગાવતી નિજ ઘર જાવતી,
તેણે સમે ઈંદ્ર સિંહાસન કંપતી ॥૪॥

॥ ઢાળ ॥ એકવીશાની દેશી ॥

જિન જન્મ્યાજી, જિણવેળા જનની ઘરે,
તિણ વેળાજી, ઈંદ્ર સિંહાસન થરહરે ॥
દાહિણોત્તરજી, જેતા જિન જનમે યદા,
દિશિનાયકજી, સોહમ્ ઈશાન બિહું તદા ॥૧॥

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



## ॥ ત્રોટક છંદ ॥

તદા ચિંતે ઇંદ્ર મનમાં, કોણ અવસર એ બન્યો,
જિન જન્મ અવધિનાણે જાણી, હર્ષ આનંદ ઉપન્યો ॥
સુઘોષ આદે ઘંટનાદે, ઘોષણા સુરમેં કરે,
સવિ દેવી દેવા જન્મ મહોત્સવે,આવજો સુરગિરિવરે ॥
અહીં ઘંટ વગાડવો.

## ॥ ઢાળ પૂર્વલી ॥

એમ સાંભળીજી, સુરવર કોડિ આવી મળે,
જન્મ મહોત્સવજી, કરવા મેરુ ઉપર ચલે ॥
સોહમપતિજી, બહુ પરિવારે આવીયાં,
માય જિનનેજી, વાંદી પ્રભુને વધાવિયા ॥

## ॥ ત્રોટક ॥

વધાવી બોલે હે રત્નકુક્ષી-ધારિણી તુજ સુતતણો,
હું શક્ર સોહમ નામે કરશું, જન્મ મહોત્સવ અતિઘણો ॥
એમ કહી જિન પ્રતિબિંબ સ્થાપી, પંચરૂપે પ્રભુ ગ્રહી,
દેવ દેવી નાચે હર્ષ સાચે, સુરગિરિ આવ્યા વહી ॥

## ॥ ઢાળ પૂર્વલી ॥

મેરૂ ઉપરજી, પાંડુક વનમેં ચિંહુ દિશે,
શિલા ઉપરજી, સિંહાસન મન ઉલ્લસે,
તિહાં બેસીજી, શક્રે જિન ખોળે ધર્યા,
હરિ ત્રેસઠજી, બીજા તિહાં આવી મળ્યા.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



॥ ત્રોટક ॥

મળ્યા ચોસઠ સુરપતિ તિહાં, કરે કળશ આઠ જાતિના,
માગધાદિ જળ તીર્થ ઔષધિ, ધૂપ વળી બહુ ભાતિનાં,
અચ્યુતપતિયે હુકમ કીનો, સાંભળો દેવા સવે,
ખીરજલધિ ગંગાનીર લાવો, ઝટિતિ જિન મહોત્સવે.

॥ ઢાળ ॥ (વિવાહલાની દેશી)

સુર સાંભળીને સંચરિયા, માગધ વરદામે ચલીયા,
પદ્મદ્રહ ગંગા આવે, નિર્મળ જળ કળશ ભરાવે,
તીરથ જળ (ફળ)ઔષધિ લેતા, વળી ક્ષીરસમુદ્રે જાતા,
જલ કળશા બહુલ ભરાવે ફુલચંગેરી થાળા લાવે,
સિંહાસન ચામરધારી. ધૂપધાણા રકેબી સારી,
સિદ્ધાંતે ભાખ્યા જેહ, ઉપકરણ મિલાવે તેહ,
તે દેવા સુરગિરિ આવે, પ્રભુ દેખી આનંદ પાવે,
કલશાદિક સહુ તિહાં ઠાવે, ભકતે પ્રભુના ગુણ ગાવે.

॥ ઢાળ ॥ (રાગ ધનાશ્રી)

આતમભકિત મલ્યા કેઇ દેવા, કેતા મિત્તાનુંજાઇ,
નારી પ્રેર્યાં વળી નિજ કૂલવટ, ધર્મી ધર્મ સખાઇ,
જોઇસ વ્યંતર ભુવનપતિના, વૈમાનિક સુર આવે,
અચ્યુતપતિ હુકમે ધરી કળશા, અરિહાને નવરાવે ॥૧॥
અડજાતિ કળશા પ્રત્યેકે, આઠ આઠ સહસ પ્રમાણો,
ચઉસઠ સહસ હુવા અભિષેકે, અઢીસેં ગુણા કરી જાણો,
સાઠ લાખ ઉપર એક કોડી, કળશાનો અધિકાર,
બાસઠ ઇંદ્રતણા તિંહાં બાસઠ, લોકપાલના ચાર. ॥૨॥

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



ચંદ્રની પંક્તિ છાસઠ છાસઠ, રવિશ્રેણી નરલોકો,
ગુરુસ્થાનક સુરકેરો એક જ, સામાનિકનો એકો,
સોહમપતિ ઇશાનપતિની, ઇંદ્રાણીના સોળ.
અસુરની દશ ઇંદ્રાણી નાગની, બાર કરે કલ્લોલ. ॥૩॥
જ્યોતિષ વ્યંતર ઇંદ્રની ચઉ ચઉ, પર્ષદા ત્રણનો એકો,
કટકપતિ અંગરક્ષકકેરો, એકએક સુવિવેકો,
પરચુરણ સુરનો એક છેલ્લો; એ અઢીસેં અભિષેકો,
ઇશાન ઇંદ્ર કહે મુજ આપો પ્રભુને ક્ષણ અતિરેકો. ॥૪॥
તવ તસ ખોળે ઠવી અરિહાને, સોહમપતિ મન રંગે,
વૃષભરૂપ કરી શૃંગ જળે ભરી ન્હવણ કરે પ્રભુ અંગે,
પુષ્પાદિક પૂજીને છાંટે, કરી કેશર રંગરોલે,
મંગળદીવો આરતી કરતાં. સુરવર જય જય બોલે. ॥૫॥
ભેરી ભુંગળ તાલ બજાવત, વળિયા જિનકર ધારી,
જનનીઘર માતાને સોંપી, એણીપરે વચન ઉચ્ચારી,
પુત્ર તમારો સ્વામી હમારો, અમ સેવક આધાર,
પંચધાવી રંભાદિક થાપી, પ્રભુ ખેલાવણહાર. ॥૬॥
બત્રીશ કોડી કનક મણિ માણિક, વસ્ત્રની વૃષ્ટિ કરાવે,
પૂરણ હર્ષ કરેવા કારણ, દ્વીપ નંદીસર જાવે,
કરીય અઠ્ઠાઈ ઉત્સવ દેવા, નિજનિજ કલ્પ સધાવે,
દીક્ષા કેળવને અભિલાષે, નિતનિત જિનગુણ ગાવે. ॥૭॥
તપગચ્છ ઇસર સિંહસૂરીશ્વર–કેરા શિષ્ય વડેરા,
સત્યવિજય પંન્યાસતણે પદ, કપૂરવિજય ગંભીરા,
ખીમાવિજય તસ સુજસવિજયના, શ્રીશુભવિજય સવાયા,

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



પંડિત વીરવિજય તસ શિષ્યે જીન,જન્મ મહોત્સવ ગાયા ॥૮॥

ઉત્કૃષ્ટા એકસો ને સિત્તેર, સંપ્રતિ વીચરે વીશ,
અતીત અનાગત કાળે અનંતા, તીર્થંકર જગદીશ,
સાધારણ એ કળશ જે ગાવે, શ્રી શુભવીર સવાઇ.
મંગળલીલા સુખભર પાવે, ઘર ઘર હર્ષ વધાઇ. ॥૯॥

## અષ્ટપ્રકારી પૂજાના દુહા

### (૧) જલપૂજા-દુહા

જલ પૂજા જુગતે કરો. મેલ અનાદિ વિનાશ. જલ પુજા ફળ મુજ હશો, માગો એમ પ્રભુ પાસ. ॥૧॥ ૐ હ્રીં શ્રીં પરમ પુરુષાય પરમેશ્વરાય જન્મજરા-મૃત્યુ-નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય જલં યજામહે સ્વાહા, ॥૧॥

### (૨) ચંદન પૂજા-દુહા

શીતલગુણ જેહમાં રહ્યો, શીતલ પ્રભુ મુખ રંગ, આત્મ શીતલ કરવા ભણી, પુજો અરિહા અંગ. ॥૨॥ ૐ હ્રીં શ્રીં પરમ પુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય ચંદનં યજામહે સ્વાહા. ॥૨॥

### (૩) પુષ્પપૂજા-દૂહા

સુરભિ અખંડ કુસુમ ગ્રહી, પૂજો, ગત સંતાપ, સમજંતુ ભવ્ય જ પરે, કરીએ સમકિત છાપ ॥૩॥ ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય પુષ્પાણિ યજામહે સ્વાહા, ॥૩॥

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



## (૪) ધુપપૂજા-દુહા

ધ્યાન ઘટા પ્રગટાવિએ, વામ નયનજિન ધુપ, મિચ્છત દુર્ગંધ દૂર ટળે, પ્રગટે આત્મ સ્વરૂપ. ॥૪॥ ॐ હ્રીં શ્રીં પરમ પુરૂષાય પરમેશ્વરાય જન્મ જરા-મૃત્યુ નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય ધૂપં યજામહે સ્વાહા ॥૪॥

## (૫) દીપકપૂજા-દુહા

દ્રવ્ય દીપ સુવિવેકથી, કરતાં દુઃખ હોય ફોક, ભાવ પ્રદીપ પ્રગટ હુએ, ભાસિત લોકાલોક ॥૫॥ ॐ હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરા-મૃત્યુ નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય દીપમાલાં યજામહે સ્વાહા ॥૫॥

## (૬) અક્ષતપૂજા દુહા.

શુદ્ધ અખંડ અક્ષત ગ્રહી, નંદાવર્ત વિશાલ, પૂરી પ્રભુ સન્મુખ રહો. ટાળો સકલ જંજાલ. ॥૬॥ ॐ હ્રીં શ્રીં પરમ પુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરા-મૃત્યુ નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય અક્ષતાન્ યજામહે સ્વાહા. ॥૨॥

## (૭) નૈવેદ્યપૂજા-દુહા

અણાહારી પદ મેં કર્યાં, વિગ્ગહ ગઈઅ અનંત, દૂર કરી તે દીજીએ, અણાહારિ શિવસંત. ॥૭॥ ॐ હ્રીં શ્રીં પરમ પુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરા-મૃત્યુ નિવારણાય. શ્રીમતે જિનેન્દ્રાય નૈવેદ્યં યજામહે સ્વાહા. ૭

## (૮) ફલપૂજા-દુહા

ઇંદ્રાદિક પૂજા ભણી, ફળ લાવે ધરી રાગ, પુરુષોત્તમપુજી કરી, માંગે શિવફલ ત્યાગ પુજી. ॥૮॥ ॐ હ્રીં શ્રીં પરમ

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



પુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરામૃત્યુ નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય ફલં યજામહે સ્વાહા. ॥૮॥

ઉપર મુજબ અષ્ટપ્રકારી પૂજા કર્યા પછી લુણ તથા આરતી મંગળ દીવો ઉતારવો.

## લુણ ઉતારણ

લુણ ઉતારો જિનવર અંગે,
નિર્મલ જલધારા મનરંગે. લુણ૦ ૧
જિમ જિમ તડ તડ લુણ જ ફુટે,
તિમ તિમ અશુભ કર્મ બંધ ત્રુટે. લુણ૦ ૨
નયન સલુણાં શ્રી જીનજીના,
અનુપમ રૂપ દયા રસ ભીનાં. લુણ૦ ૩
રૂપ સલુણું જીનજીનું દીસે
લાજ્યું લુણ તે જલમાં પેસે. લુણ૦ ૪
ત્રણ પ્રદક્ષિણા દેઇ જલધારા,
જલણ ખેપવીયે લુણ ઉદારા. લુણ૦ ૫
જે જિન ઉપર, દુમણો પ્રાણી,
તે એમ થાજો લુણ જ્યું પાણી. લુણ૦ ૬
અગર કૃષ્ણાગરૂ કુંદરૂ સુગંધે,
ધૂપ કરીજે વિવિધ પ્રબંધે. લુણ૦ ૭



For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



## શ્રી આદિજિન આરતી

જય જય આરતી આદિ જિણંદા,
નાભિરાયા મરૂદેવીકો નંદા. જય૦ ૧
પહેલી આરતી પૂજા કીજે,
નર ભવ પામીને લાહો લીજે. જય૦ ૨
દૂસરી આરતી દિન દયાળા,
ધુળેવા નગરમાં જગ અજવાળા. જય૦ ૩
તીસરી આરતી ત્રિભુવન દેવા,
સુર નર ઇંદ્ર કરે તોરી સેવા. જય૦ ૪
ચોથી આરતી ચઉ ગતિ ચૂરે,
મનવાંછિત ફળ શિવ સુખ પૂરે. જય૦ ૫
પંચમી આરતી પુન્ય ઉપાયો,
મૂળચંદે ઋષભ ગુણ ગાયો. જય૦ ૬

## શ્રી મંગળ દીવો

દીવો રે દીવો પ્રભુ માંગલિક દીવો,
આરતી ઉતારણ બહુ ચિરંજીવો. ૧
સોહમને ઘેર પર્વ દીવાળી,
અમર ખેલે અમરા બાળી. દીવો. ૨
દીપાળ ભણે એણે કુલ અજુવાળી,
ભાવે ભગતે વિઘન નિવારી દીવો. ૩
દીપાળ ભણે એણે એ કલિકાળે,
આરતી ઊતારી રાજા કુમારપાળે દીવો. ૪.
અમ ઘેર મંગલિક, તુમ ઘેર મંગલિક,
મંગલિક ચતુર્વિધ સંઘને હોજો,
દીવો રે દીવો પ્રભુ૦ ૫.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



## શાંતિકલશ ભણાવતાં પહેલાંનો વિધિ.

એક ચોક્ખી કુંડીમાં કંકુનો સાથીઓ કરી, તેના ઉપર રૂપાનાણું ને ફળ મૂકવું, શાંતિકલશ કરનારને કપાળે કંકુનો ચાંલ્લો કરી અક્ષત ચોઢી ગળામાં ફુલનો હાર પહેરાવવો, પછી શાન્તિકલશ કરનારના હાથમાં કંકુનો સાથીઓ કરી (પ્રક્ષાલ જળને ગાળી) કળશ ભરાવવો, પછી શાન્તિકલશ કરનારને ત્રણ નવકાર ગણી કલશની ધારા શરૂ કરવી.

નમોઽર્હંત્ સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વ સાધુભ્યઃ કહી ત્રણ નવકાર અને ઉવસગ્ગહરં ગણી નીચે મુજબ મ્હોટી શાન્તિ કહે.

# ।। શ્રી મોટી શાંતિ : ।।

।। ભો ભો ભવ્યાઃ શ્રુણુત વચનં, પ્રસ્તુતં સર્વમેતદ્ યે યાત્રામાં ત્રિભુવન ગુરોરાર્હંતા ભક્તિભાજઃ ।। તેષાં શાંતિર્ભવતુ ભવતામર્હદાદિ પ્રભાવા, દારોગ્ય શ્રી ધૃતિ મતિ કરી ક્લેશ વિધ્વંસહેતુઃ ।।૧।। ભો ભો ભવ્યલોકાઃ ઈહ હિ ભરતૈરાવત વિદેહસંભવાનાં સમસ્ત તીર્થંકૃતાં જન્મન્યાસન-પ્રકંપાનંતર મવધિના વિજ્ઞાયસૌધર્માધિપતિઃ સુઘોષાઘંટા ચાલનાનંતરં સકલ સુરાસુરેન્દ્રૈઃ સહ સમાગત્ય સવિનય મર્હદ્ભટ્ટારકં ગૃહીત્વા ગત્વા કનકાદ્રિશૃંગે વિહિત જન્માભિષેકઃશાંતિમુદ્દઘોષયતિ યથા તતોઽહં કૃતાનુકારમિતિ કૃત્વા મહાજનો યેન ગતઃ સ પંથાઃ ઈતિ ભવ્યજનૈઃ સહ સમેત્ય

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



સ્નાત્રપીઠે સ્નાત્રં વિધાય શાંતિમુદ્ઘોષયામિ, તત્પુજા યાત્રા-સ્નાત્રાદિમહોત્સવાનંતરમિતિ કૃત્વા કર્ણં દત્વા નિશમ્યતાં નિશમ્યતાં સ્વાહા॥ૐ પુણ્યાહં પુણ્યાહં પ્રીયંતાંપ્રીયંતાં ભગવંતોર્હંતઃ સર્વજ્ઞાઃસર્વદર્શિન સ્રિલોકનાથા સ્રિલોક મહિતા સ્ત્રિલોક પૂજ્યા સ્ત્રિલોકેશ્વરાઃ સ્ત્રિલોકોદ્યોતકરાઃ ૐ ઋષભ અજિત સંભવ અભિનંદન સુમતિ પદ્મપ્રભુ સુપાર્શ્વ ચંદ્રપ્રભ સુવિધિ શીતલ શ્રેયાંસવાસુપૂજ્ય વિમલ અનંત ધર્મ શાંતિ કુંથુ અર મલ્લિ મુનિસુવ્રત નમિ નેમિ પાર્શ્વ વર્દ્ધમાનાંતા જિનાઃ શાન્તાઃ શાંતિકરા ભવંતુ સ્વાહા ॥ ૐ મુનયો મુનિપ્રવરા રિપુ વિજય દુર્ભિક્ષ કાંતારેષુ દુર્ગમાર્ગેષુ રક્ષંતુ વો નિત્યં સ્વાહા ॥ૐ હ્રીં શ્રીં ધૃતિ મતિકીર્તિ કાંતિ બુદ્ધિ લક્ષ્મી મેધા વિદ્યાસાધન પ્રવેશનિવેશનેષુ સુગૃહીત નામાનો જયંતુ તે જિનેદ્રાઃ ॥ ૐ રોહિણી પ્રજ્ઞપ્તી વજ્રશૃંખલા વજ્રંકુશી અપ્રતિચક્રા પુરૂષદત્તા કાલી મહાકાલી, ગૌરી ગાંધારી સર્વાસ્ત્રા મહાજ્વાલા માનવી વૈરૂટયા અચ્છુપ્તા માનસી મહામાનસી ષોડશ વિદ્યાદેવ્યો રક્ષંતુ વો નિત્યં સ્વાહા ॥ ૐ આચાર્યોપાધ્યાય પ્રભૃતિ ચાતુર્વર્ણ્યસ્ય શ્રી શ્રમણ સંઘસ્ય શાંતિર્ભવતુ તુષ્ટિર્ભવતુ પુષ્ટિર્ભવતુ ॥ ૐ ગ્રહાશ્ચંદ્ર સૂર્યાંગારક બુધ બૃહસ્પતિ શુક્ર શનૈશ્ચર રાહુ કેતુ સહિતા, સલોકપાલા સોમ, યમ, વરૂણ કુબેર વાસવાદિત્ય સ્કંદ વિનાયકોપેતા યે ચાન્યેપિ ગ્રામ–નગર ક્ષેત્રદેવતાદયસ્તે સર્વે પ્રીયંતાં પ્રીયતાં અક્ષીણ કોશ કોષ્ઠાગારા નરપતયશ્ચ ભવંતુ સ્વાહા ॥ ૐ પુત્ર મિત્ર, ભ્રાતૃ, કલત્ર, સુહૃત, સ્વજન

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



સંબંધી, બંધુ વર્ગ સહિતાઃ નિત્યં ચામોદ પ્રમોદકારિણઃ અસ્મિંશ્ચ ભૂમંડલાયતન નિવાસિ સાધુસાધ્વી શ્રાવક શ્રાવિકાણાં રોગોપસર્ગ વ્યાધિ દુઃખ દુર્ભિક્ષ દૌર્મનસ્યોપશમનાય શાંતિર્ભવતુ ।। ૐ તુષ્ટિ પુષ્ટિ ઋદ્ધિ વૃદ્ધિ માંગલ્યોત્સવાઃ ।। સદા પ્રાદુર્ભૂતાનિ, પાપાનિ શામ્યંતુ દુરિતાનિ ।। શત્રવઃ પરાઙ્મુખા ભવંતુ સ્વાહા ।। શ્રીમતે શાંતિનાથાય, નમઃશાંતિ વિધાયિને ।। ત્રૈલોક્યસ્યામરાધીશ, મુકુટાભ્યર્ચિતાંઘ્રયે ।।૧।। શાંતિઃ શાંતિકરઃ શ્રીમાન, શાંતિંદિશતુ મે ગુરુઃ ।। શાંતિરેવ સદા તેષાં, યેષાં, શાંતિર્ગૃહે ગૃહે ।।૨।। ઉન્મૃષ્ટ રિષ્ટ દુષ્ટ, ગ્રહગતિ દુઃસ્વપ્ન દુર્નિમિત્તાદિ ।। સંપાદિત હિત સંપન્નામ ગ્રહણં જયતિ શાંતેઃ ।।૩।। શ્રી સંઘ જગજ્જન પદ, રાજાધિપરાજસન્નિવેશાનામ્ ।। ગૌષ્ઠિક પુર મુખ્યાણાં, વ્યાહરણૈ ર્વ્યાહરેચ્છાંતિમ્ ।।૪।। શ્રી શ્રમણસંઘસ્ય શાંતિર્ભવતુ । શ્રી જનપદાનાં શાંતિર્ભવતુ, શ્રી રાજાધિપાનાં શાંતિર્ભવતુ શ્રી રાજસન્નિવેશાનાં શાંતિર્ભવતુ ।।શ્રી ગોષ્ઠિકાનાં શાન્તિર્ભવતુ।। શ્રી પૌરમુખ્યાણાં શાંતિર્ભવતુ શ્રીપૌરજનસ્ય શાંતિર્ભવતુ, શ્રી બ્રહ્મલોકસ્ય શાન્તિર્ભવતુ ।। ૐ સ્વાહા ૐ સ્વાહા ૐ શ્રી પાર્શ્વનાથાય સ્વાહા એષા શાંતિઃ પ્રતિષ્ઠા યાત્રા સ્નાત્રાદ્યવસાનેષુ ।। શાંતિ કલશં ગૃહીત્વા ।। કુંકુમચંદન કર્પૂરાગુરૂ ધૂપ વાસ કુસુમાંજલિ સમેતઃ ।। સ્નાત્ર ચતુષ્કિકાયાં શ્રી સંઘસમેતઃ શુચિ શુચિ વપુઃ પુષ્પ વસ્ત્ર ચંદના ભરણાલંકૃતઃ ।। પુષ્પમાલાં કંઠે કૃત્વા શાંતિ મુદ્ઘોષયિત્વા ।। શાંતિપાનીયં મસ્તકે દાતવ્ય મિતિ, નૃત્યંતિ

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



નૃત્યં મણિ પુષ્પ વર્ષં, સૃજંતિ ગાયંતિ ચ મંગલાનિ ॥ સ્તોત્રાણિ ગોત્રાણિ પઠંતિ મંત્રાન્, કલ્યાણભાજો હિ જિનાભિષેકે. ૧. શિવ મસ્તુ સર્વ જગતઃ, પરહિત નિરતા ભવંતુ ભૂતગણાઃ ॥ દોષાઃ પ્રયાંતુ નાશં, સર્વત્ર સુખી ભવન્તુ લોકાઃ ॥૨॥ અહં તિત્થયરમાયા, સિવાદેવી તુમ્હ નયર નિવાસિની અમ્હ શિવં તુમ્હ શિવં, અસિવોવસમં શિવં ભવતુ સ્વાહા ॥ ઉપસર્ગાઃ ક્ષયં યાંતિ, છિદ્યંતે વિઘ્નવલ્લયઃ ॥ મનઃપ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે ॥૪॥ સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણ કારણમ્ ॥ પ્રધાનં સર્વ ધર્માણાં. જૈનં જયતિ શાસનમ ॥૫॥

૧. શ્રી પાર્શ્વનાથ ભગવાનની પંચકલ્યાણક પૂજામાં આ પ્રથમ પૂજામાં જણાવે છે કે–ગઇ ચોવીસીના શ્રી દામોદર તીર્થંકર ભગવંતને આષાઢી શ્રાવકે પૂછયું કે મારી મુક્તિ કયારે થાશે....શ્રી જિન મુખે સાંભળ્યું કે આવતી ચોવીસીના ત્રેવીસમા શ્રી પાર્શ્વનાથ ભગવંતના ગણધર બની મોક્ષમાં જશો. તે આષાઢી શ્રાવકે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમા ભરાવી...અંજનશલાકા વિધિ કરાવી પ્રતિષ્ઠિત કર્યા...કનકબાહુના ભવમાં તીર્થંકર નામ કર્મ નિકાચિત કરી ૨૦ સાગરોપમની સ્થિતિવાળા પ્રાણુત દેવલોકમાં જઇ પાંચસો તીર્થંકર ભગવંતના કલ્યાણકોની ઉજવણી આરાધના કરી ગાઢ આદેયનામ કર્મ ઉપાર્જન કર્યું... પ્રભુ જે માતાની કુક્ષિએ જન્મ પામવાના હતા. તે અશ્વસેનની રાણી વામાદેવીના દર્શન શ્રીજિન મંદિરમાં બાલરૂપે દેવે કર્યા. (વારણ અને અસી બે નદીની વચ્ચે નગરી વસી તે વારાણસી નામથી પ્રસિદ્ધ થઇ...

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



## ॥ અથ ચ્યવનકલ્યાણક પ્રથમ પુષ્પપૂજા ॥

શ્રી શંખેશ્વર સાહિબો, સુરતરુ સમ અવદાત,
પુરિસાદાણી પાસજી, ષડદર્શન વિખ્યાત. ૧

પંચમે આરે પ્રાણિયા, સમરે ઊઠી સવાર,
વાંછિત પૂરે દુઃખ હરે, વંદુ વાર હજાર. ૨

અવસર્પિણિ ત્રેવીસમા, પાર્શ્વનાથ જબ હુંત;
તસ ગણધરપદ પામીને, થાશો શિવવધૂ કંત. ૩

દામોદર જિનમુખ સુણી, નિજ આતમ ઉદ્ધાર;
તદા અષાઢી શ્રાવકે, મૂર્તિ ભરાવી સાર. ૪

સુવિહિત આચારજ કને, અંજનશલાકા કીધ;
પંચકલ્યાણક ઉત્સવે, માનું વચન જ લીધ. ૫

સિદ્ધસ્વરૂપ રમણ ભણી, નૌતમ પડિમા જેહ;
થાપી પંચકલ્યાણકે, પૂજે ધન્ય નર તેહ. ૬

કલ્યાણક ઉત્સવ કરી, પૂરણ હર્ષ નિમિત્ત;
નંદીસર જઈ દેવતા, પૂજે શાશ્વત ચૈત્ય. ૭

કલ્યાણક પૂજન સહિત, રચના રચશું તેમ,
દુર્જન વિષધર ડોલશે. સજ્જન મનશું પ્રેમ. ૮

કુસુમ ફળ અક્ષતતણી, જળ ચંદન મનોહાર;
ધૂપ દીપ નૈવેદ્યશું, પૂજા અષ્ટ પ્રકાર. ૯

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



॥ ઢાળ ॥ પ્રથમ પૂરવ દિશે–એ દેશી ॥

પ્રથમ એક પીઠિકા, ઝગમગે દીપિકા,
થાપી પ્રભુ પાસ તે ઉપરે એ ॥
રજત રકેબીઓ, વિવિધ કુસુમે ભરી,
હાથ નર નારી ધરી ઉચ્ચરે એ ૧
કનક બાહુ ભવે, બંધ જિનનામનો,
કરિય દશમે દેવલોક વાસી ॥
સકલ સુરથી ઘણી, તેજ કાન્તિ ભણી,
વીસ સાગર સુખ તે વિલાસી ૨
ક્ષેત્ર દશ જિનવરા, કલ્યાણક પાંચસેં,
ઉત્સવ કરત સુર સાથશું એ ॥
થઇયે અગ્રેસરી, સાસય જિનતણી,
રચત પૂજા નિજ હાથશું એ ૩
યોગશાસ્ત્રે મતા, માસ ષટ્ થાકતા,
દેવને દુઃખ બહુ જાતિનું એ ॥
તેહ નવિ નિપજે, દેવ જિન જીવને,
જોવતાં ઠાણ ઉપપાતનું એ ૪
મુગતિપુર મારગે, શીતલ છાંયડી,
તીર્થની ભૂમિ, ગંગાજલે એ ॥
ચૈત્ય અભિષેકતા, સુકૃતતરૂ સિંચતા,
ભકતે બહુલા ભવિ ભવ તરે એ ૫

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



વારણ ને અસી, દોય વચમાં વસી,
કાશી વારાણસી નયરી એ ॥
અશ્વસેન ભૂપતિ, વામા રાણી સતી,
જૈનમતિ રતિ અનુસારિયે એ ૬
ચાર ગતિ ચોપડા, ચ્યવનના ચુકવી,
શિવ ગયા તાસ ઘર નમન જાવે ॥
બાલરૂપે સુર તિહાં, જનની મુખ જોવતાં,
શ્રી શુભવીર આનંદ પાવે ૭

॥ કાવ્યમ્ ॥ ઉપજાતિવૃત્તિમ્ ॥

ભોગી યદાલોકનતોઽપિ યોગી, બભૂવ પાતાલપદે નિયોગી ॥
કલ્યાણકારી દુરિતાપહારી, દશાવતારી વરદઃ સપાર્શ્વઃ ॥ ૧ ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ જરામૃત્યુ-નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય પુષ્પાણિ યજામહે સ્વાહા.

૨. શ્રી પંચકલ્યાણકપુજામાં બીજી પૂજામાં ચ્યવન કલ્યાણક ઉજવણી છે...વામા માતાની કુક્ષિએ ચૈત્ર વદ-૪ (ફાગણ વદ-૪)ના પધાર્યા-ત્યારે માતા ચૌદ સ્વપ્ન નિહાળી આનંદિત થયા-ઇન્દ્ર મહારાજે અવધિજ્ઞાનથી જાણ્યું... માતાની ઉદરે રહેલા પ્રભુનું દર્શન નમુત્થુણંથી સ્તવન કરી માતાને કહે છે કે તમે પુણ્યવંતામાં અગ્રેસર છો. ત્રણ ભુવનના રાજ્યની સીમા પામ્યા...ચૌદ સ્વપ્નોના અર્થ-ફલાદેશ કહી ઇન્દ્ર મહારાજ પોતાના સ્થાને ગયા તથા ચોસઠ ઇન્દ્ર નંદીશ્વર જઇ ચ્યવન કલ્યાણક ઉત્સવ કર્યો

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



## ॥ અથ ચ્યવન કલ્યાણકે દ્વિતીય ફળપૂજા ॥

॥ દોહા ॥

કૃષ્ણ ચતુર્થી ચૈત્રની, પૂર્ણાયુ સુર તેહ ॥
વામા માત ઉદર નિશિ, અવતરિયા ગુણગેહ ॥ ૧ ॥
સુપન ચતુર્દશ મોટકાં, દેખે માતા તામ ॥
રયણીસમે નિજ મંદિરે. સુખશય્યા વિશ્રામ ॥ ૨ ॥

॥ ઢાળ ॥

॥ મિથ્યાત્વ વામીને કોશ્યા સમકિત પામી રે-એ દેશી ॥

રૂડો માસ વસંત ફળી વનરાજી રે, રાયણને સહકાર,
કેતકી જાય ને માલતી રે, ભ્રમર કરે ઝંકાર;

કોયલ મદભર ટહુકતી રે, બેઠી આંબાડાળ. વાલા
હંસયુગલ જળ ઝીલતાં રે, વિમળ સરોવર પાળ;

મંદ પવનની લહેરમાં રે, માતાસુપન નિહાળ. વાલા
દીઠો પ્રથમ ગજ ઉજ્જ્વલો રે, બીજે વૃષભ ગુણવંત;

ત્રીજે સિંહ જ કેસરી રે, ચોથે શ્રીદેવી મહંત. વાલા
માળયુગલ ફુલ પાંચમે રે, છઠ્ઠે રોહિણીકંત; વાલા,

ઉગતો સૂરજ સાતમે રે, આઠમે ધ્વજ લહંકત. વાલા.
નવમે કળશ રૂપાતણો રે, દશમે પદ્મસર જાણ;

અગ્યારમે રત્નાકરૂ રે, બારમે દેવવિમાન. વાલા
ગંજ રત્નનો તેરમે રે, ચઉદમે વન્હિ વખાણ;

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



ઊતરતાં આકાશથી રે, પેસતાં વદન પ્રમાણ. વાલા
માતા સુપન લહી જાગીયાં રે, અવધિ જુવે સુરરાજ;
શક્રસ્તવ કરી વંદિયા રે, જનની ઉદર જિનરાજ. વાલા
એણે સમે ઇંદ્ર તે આવીયા રે, મા આગળ ધરી લાજ;
પુણ્યવતી તુમે પામીયું રે, ત્રણ ભુવનનું રાજ્ય. વાલા
ચૌદ સુપનના અર્થ કહી રે, ઇંદ્ર ગયા નિજ ઠામ;
ચઉસઠ ઇંદ્ર મળી ગયા રે, નંદીસર જિન ધામ. વાલા
ચ્યવનકલ્યાણક ઉત્સવે રે, શ્રીફલ પૂજા ઠામ;
શ્રી શુભવીર તેણે સમે રે, જગત જીવ વિશ્રામ. વાલા

॥ કાવ્યમ્ ॥ ઉપજાતિવૃત્તિમ્ ॥

ભોગી યદાલોકનતોઽપિ યોગી, બભૂવ પાતાલપદે નિયોગી ॥
કલ્યાણકારી દુરિતાપહારી, દશાવતારી વરદઃ સપાર્શ્વઃ ॥૧॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુ-નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય પુષ્પાણિ યજામહે સ્વાહા.

૩. શ્રીપાર્શ્વનાથ જન્મ કલ્યાણક દિન એટલે ગુજરાતી માગશર વદ ૧૦ મધરાત્રિએ વામાદેવીની કુક્ષિએથી વિશાખા નક્ષત્રની સાથે ઉત્તમ ગ્રહોનો યોગ થયે છતે જન્મ પ્રાપ્ત કર્યો. તે અવસરે પશુ, પંખી વનવાસી... જીવો...નારકાદિના દુઃખી જીવો સુખને પામ્યા, ૫૬ દિક્કુમારીકા દેવીઓ પોતાના સ્થાનથકી જિનેશ્વરના જન્મનુ સુતિકા કાર્ય કરવા રમતી-ગમતી આનંદ કલ્લોલ કરતી આવી. શ્રેષ્ઠતર ક્રિયા કરે છે જિન-જિનમાતા બન્નેને રક્ષા પોટલી બાંધે છે...માતાને કહે છે...તું સકલ જગતની માતા છે...જગદીપકને ધારણ કરનારી માતા...તને ધન્યવાદ છે કોટિ કોટિ વંદના...માતા...તુજ નંદન....ઘણું જીવો આયુષ્યમાન થાઓ. જગતના જીવો પ્રત્યે ઉપકારી થનાર છે.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



॥ અથ જન્મકલ્યાણકે તૃતીય પૂજા ॥

॥ દોહા ॥

રવિ ઉદયે નૃપ તેડિયા, સુપનપાઠક નિજ ગેહ ॥
ચઉદસુપન ફળ સાંભળી, વળીય વિસર્જ્યા તેહ. ॥૧॥
ત્રણ જ્ઞાનશું ઉપન્યા, ત્રેવીશમા અરિહંત ॥
વામા ઉર સર હંસલો, દિન દિન વૃદ્ધિ લહંત ॥૨॥
ડાહલા પૂરે ભૂપતિ, સખિયો વૃંદ સમેત ॥
જિન પૂજે અક્ષત ધરી, ચામર પંખા લેત ॥૩॥

॥ ઢાળ ॥ ચિત્ત ચોખે ચોરી નવિ કરીએ–એ દેશી ॥

રમતી ગમતી હમુને સાહેલી,
બિહુ મળી લીજીએ એક તાળી ॥
સખિ આજ અનોપમ દીવાળી ॥
લીલ વિલાસે પૂરણ માસે,
પોષ દશમ નિશિ રઢિયાળી, ॥ સખિ ॥

પશુ પંખી વસીયાં વનવાસે,તે પણ સુખીયાં સમકાળી;
ઇણરાતે ઘર ઘર ઉત્સવસે,સુખિયા જગતમેં નરનારી.

ઉત્તમ ગ્રહ વિશાખાયોગે,જનમ્યા પ્રભુજી જયકારી રે;
સાતે નરકે થયાં અજુવાળાં, થાવરને પણ સુખકારીરે.

માતા નમી આઠે દિક્કુમરી, અધોલોકની વસનારી રે;
સૂતિઘર ઇશાને કરતી, યોજન એક અશુચિ ટાળી રે.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



ઊર્ધ્વલોકના આઠ કુમારી,વરસાવે જળ કુસુમાળી રે;
પૂર્વરુચક અડ દર્પણ ધરતી,દક્ષિણની અડ કલશાળી.

અડ પાશ્ચિમની પંખા ધરતી,ઉત્તર અડ ચામરધારીરે;
વિદિશીની ચઉદ્દીપ ધરતી,રૂચકદ્વીપની ચઉ બાળીરે.

કેળતણાં ઘર ત્રણ્ય કરીને, મર્દન સ્નાન અલંકારી રે;
રક્ષા પોટલી બાંધી બિહુને, મંદિર મેલ્યાં શણગારીરે.

પ્રભુ મુખકમળે અમરી ભમરી,રાસ રમંતી લટકાળીરે;
પ્રભુમાતા તું જગતની માતા, જગદીપકની ધરનારીરે.

માતા તુજ નંદનઘણું જીવો, ઉત્તમ જીવને ઉપકારીરે:
છપ્પન દિક્કુમરીગુણગાતી, શ્રીશુભવીરવચનશાળીરે.

ભોગી યદા લોક નતોઽપિ યોગી, બભૂવ પાતાલપદે નિયોગી ।।
કલ્યાણકારી દુરિતાપહારી, દશાવતારી વરદઃસ પાર્શ્વઃ ।।૨।।

ॐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય, જન્મજરામૃત્યુ નિવારણાય, શ્રીમતે જિનેન્દ્રાય, અક્ષતાન્ યજામહે સ્વાહા.'

૪. શ્રીપાર્શ્વકુમારનો મધ્યરાત્રિએ જન્મ થતાં જ સૌધર્મેન્દ્રનું આસન કંપ્યું....અવધિજ્ઞાનથી જિનજન્મ જાણી સુઘોષા ઘંટ વગાડાવી સઘળાય દેવ-દેવીઓને મેરુ-પર્વત ઉપર આવવા માટે આમંત્રણ આપ્યું...પ્રભુના દર્શન કરવા જવું એટલે ભવોભવના પાપને તિલાંજલી આપવાની ...પ્રભુની ભકિત કરવા કોઇ કૌતુક જોવા, કોઇ મિત્રના કે

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



નારીના કથને જુદા જુદા વાહનોની સ્વારી થઈ તથા ઈન્દ્ર મહારાજ માતાના ઘેર પહોંચી જિન જિનની માતાને વંદના કરી પાંચરૂપે પ્રભુની ભકિત કરી...નાથના મસ્તકે શિર છત્ર, બે બાજુ ચામર ઢાળતા, આગળ વજ ઉલાળતા પ્રભુને પોતાના હાથમાં ગ્રહણ કરી મેરૂ પર્વત ઉપર પહોંચ્યો....ક્ષીરોદધિ સમુદ્રના, ગંગા, માગધ, વરદામ આદિના પાણી મંગાવીને અભિષેક કર્યો...અષ્ટપ્રકારી પૂજાદિ ઉત્સવ ઉજવી માતા પાસે પ્રભુને સ્થાપન કર્યા. મધ્ય રાતથી સવારના સૂર્યોદય સુધીમાં સુતિકા કર્મ, તથા જન્મ મહોત્સવ પૂર્ણ કરી માતા પાસે મૂકે છે....બત્રીસ ક્રોડ સોનૈયાની વૃષ્ટિ કરી ઈન્દ્ર ભકિતથી બોલે છે. જિન-જિનની માતાનું જે અહિત ઇચ્છશે તેના મસ્તકનો છેદ થાશે... અંગૂઠામાં અમૃતનું સિંચન કરીને નંદીશ્વર તીર્થે અટઠાઈ મહોત્સવ ઊજવી ઈન્દ્રાદિ પોતાના સ્થાને જાય છે.

## શ્રી પુરુષાદાનીય પાર્શ્વનાથ ભગવાનની જય

For Private And Personal

## ॥ અથ જન્મકલ્યાણકે ચતુર્થ જલપૂજા ॥

### ॥ દોહા ॥

ચલિતાસન સોહમપતિ, રચી વૈમાન વિશાળ ॥
પ્રભુ જન્મોત્સવ કારણે, આવંતા તત્કાળ ॥ ૧ ॥

### ॥ ઢાળ ॥

॥ કાજ સિધ્યાં સકળ હવે સાર—એ દેશી ॥

હવે શુક્ર સુઘોષા વજાવે, દેવ દેવી સર્વ મિલાવે ॥
કરે પાલક સુર અભિધાન, તેણે પાલક નામે વિમાન.૧

પ્રભુ પાસનું મુખડું જોવા, ભવોભવનાં પાતિક ખોવા;
ચાલે સુર નિજ નિજ ટોળે,મુખ મંગલિકમાળાબોલેર

સિંહાસન બેઠા ચલિયા, હરિ બહુ દેવે પરવરિયા.
નારી મિત્રના પ્રેર્યા આવે, કેઈક પોતાને ભાવે. ૩

હુકમે કેઇ ભક્તિ ભરેવા, વળી કોઈક કૌતુક જોવા;
હય કાસર કેસરી નાગ, ફણી ગરુડ ચડયા કેઈ છાગ.૪

વાહન વૈમાન નિવાસ, સંકીર્ણ થયું આકાશ;
કેઈ બોલે કરતા તાડા, સાંકડા ભાઈ પર્વના દહાડા. ૫

ઇહાં આવ્યા સર્વ આનંદે; જિનજનનીને હરિ વંદે;
પાંચ રૂપે હરિ પ્રભુ હાથ; એક છત્ર ધરે શિરનાથ. ૬

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



બે બાજુ ચામર ઢાળે, એક આગળ વજ્ર ઉલાળે;
જઈ મેરુ ધરી ઉત્સંગે, ઇંદ્ર ચોસઠ મળિયા રંગે. ૭

ક્ષીરોદક ગંગા વાણી, માગધ વરદામનાં પાણી;
જાતિ આઠના કળશ ભરીને, અઢીસેં અભિષેકકરીને.૮

દીવો મંગલ આરતી કીજે, ચંદન કુસુમે કરી પૂજે;
ગીત વાજિંત્રના બહુ ઠાઠ, આલેખે મંગળ આઠ. ૯

ઇત્યાદિક ઉત્સવ કરતા, જઈ માતા પાસે ધરતા;
કુંડલયુગ વસ્ત્ર ઓશીકે, દડો ગેડી રતનમયી મૂકે. ૧૦

કોડી બત્રીશ રત્ન રૂપૈયા, વરસાવી ઇંદ્ર ઉચ્ચરીયા;
જિન માતાશું જે ધરે ખેદ, તસ મસ્તક થાશે છેદ.૧૧

અંગુઠે અમૃત વાહી, નંદીશ્વર કરે અટ્ઠાઈ;
દેઈ રાજા પુત્ર વધાઇ, ઘર ઘર તોરણ વિરચાઇ. ૧૨

દશ દિન ઓચ્છવ મંડાવે, બારમે દિન નાત જિમાવે;
નામ થાપે પાર્શ્વકુમાર, શુભવીર વિજય જયકાર. ૧૩

ભોગી યદાલોક નતોઽપિ યોગી, બભૂવ પાતાલપદે નિયોગી:
કલ્યાણકારી દુરિતાપહારી, દશાવતારી વરદઃ સ પાર્શ્વઃ ૧

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય જન્મજરામૃત્યુ
નિવારણાય, શ્રીમતે જિનેન્દ્રાય જલં યજામહે સ્વાહા,

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



૫. ભગવાનની ગૃહસ્થ અવસ્થા. ત્યાગમય. ઉદાસીનતાવાળી–અનાસક્ત રીતે પસાર થાય છે..પ્રભાવતી સાથે કર્મને ભોગવતાં રાજમહેલે ઝરૂખે બેઠા છે...કમઠ યોગીનો ખ્યાલ આવતાં ઘોડા ઉપર પ્રભુજી સેવકો સાથે આવ્યા. દયા વિનાનો તપ વ્યર્થ છે...કમઠના ગુસ્સાથી પાર્શ્વકુમાર ગુસ્સે ન થતાં સેવકને પાસે કાષ્ઠ–ચીરાવ્યું...અગ્નિથી બળી રહેલા સર્પને બહાર કઢાવી નવકાર મંત્ર સંભળાવ્યો... શરીર બળવા છતાં નવકાર મંત્ર સાંભળવામાં તલ્લીન બનેલા એ સર્પ મટી ધરણેન્દ્ર બન્યા....





For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



## ॥ અથ જન્મ કલ્યાણકે પંચમ ચંદનપૂજા ॥

### ॥ દોહા ॥

અમૃતપાને ઉછર્યા, રમતા પાર્શ્વકુમાર ॥
અહિલંછન નવ કર તનુ, વરતે અતિશય ચાર ॥૧॥

યૌવનવય પ્રભુ પામતાં, માતપિતાદિક જેહ ॥
પરણાવે નૃપપુત્રિકા, પ્રભાવતી ગુણગેહ ॥૨॥

ચંદન ઘસી ઘનસારશું, નિજ ઘર ચૈત્ય વિશાળ ॥
પૂજોપગરણ મેળવી, પૂજો જગત દયાળ ॥૩॥

॥ ઢાળ ॥ [બાળપણે યોગી હુઆ, માઈ ભિક્ષા દોને–એ દેશી]

સોના રૂપાકે સોગઠે, સાયાં ખેલત બાજી ॥
ઇંદ્રાણી મુખ દેખતે, હરિ હોત હે રાજી ॥૧॥

એક દિન ગંગાકે બિચે; સુર સાથ બહોરા ॥
નારી ચકોરા અપ્સરા, બહોત કરત નિહોરા ॥૨॥

ગંગાકે જળ ઝીલતે, છાંહિ બાદલિયાં ॥
ખાવન ખેલખેલાય કે, સવિ મંદિર વળિયાં ॥૩॥

બેઠે મંદિરમાળિયે, સારી આલમ દેખે ॥
હાથ પૂજાપા લે ચલે, ખાનપાન વિશેષે ॥૪॥

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



પૂછયા પડુત્તર દેત હે, સુનો મોહન મેરે ॥
તાપસકુ વંદન ચલે, ઉઠી લોક સબેરે ॥૫॥

કમઠ યોગી તપ કરે, પંચ અગ્નિકી જવાળા ॥
હાથે લાલ કદામણી, ગળે મોહનમાળા ॥૬॥

પાસકુંઅર દેખણ ચલે, તપસીપે આયા ॥
ઓહીનાણે દેખકે, પીછે યોગી બુલાયા ॥૭॥

સુણ તપસી સુખ લેનકુ, જપે ફોગટ માલે ॥
અજ્ઞાનસેં અગ્નિ બિચે, યોગકું પરજાલે ॥૮॥

કમઠ કહે સુણ રાજવી, તુમે અશ્વ ખેલાઓ ॥
યોગીકે ઘર હૈ બડે, મતકો બતલાઓ ॥૯॥

તેરા ગુરુ કોન હૈ બડા, જિણે યોગ ધરાયા ॥
નહિ ઓળખાયા ધર્મ કું, તનુ કષ્ટ બતાયા ॥૧૦॥

હમ ગુરુ ધર્મ પિછાનતે, નવિ કવડી પાસે ॥
ભૂલ ગયે દુનિયા દિશા, રહતે વનવાસે ॥૧૧॥

વનવાસી પશુ પંખીયા, ઐસે તુમ યોગી ॥
યોગી નહીં પણ ભોગીયા, સંસારકે સંગી ॥૧૨॥

સંસાર બૂરા છોડકે, સુણ હો લઘુ રાજા ॥
યોગી જંગલ સેવતે, લઈ ધર્મ અવાજા ॥૧૩॥

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



દયા ધર્મકા મૂલ હૈ, કયા કાન કુંકાયા ॥
જીવદયા નહુ જાનતે, તપ ફોગટ માયા ॥૧૪॥

બાત દયાકી દાખિયે, ભૂલચૂક હમારા ॥
બેર બેર કયા બોલણાં, ઐસા ડાકડમાલા ॥૧૫॥

સાંઇ હુકમસેં સેવકે, બડા કાષ્ટ ચિરાયા ॥
નાગ નિકાલા એકિલા, પરજલતી કાયા ॥૧૬॥

સેવક મુખ નવકારસેં, ધરણેંદ્ર બનાયા ॥
નાગકુમારે દેવતા, બહુ રિદ્ધિ પાયા ॥૧૭॥

રાણી સાથ વસંતમેં, વન ભીતર પેઠે ॥
પ્રાસાદ સુંદર દેખીને, ઉહાં જાકર બેઠે ॥૧૮॥

રાજિમતીકું છોડકે, નેમ સંજમ લીન ॥
ચિત્રામણ જિન જોવતે, વૈરાગે ભીના ॥૧૯॥

લોકાંતિક સુર તે સમે, બોલે કર જોરી ॥
અવસર સંજમ લેનકા, અબ બેર હૈ થોરી ॥૨૦॥

નિજ ઘર આયે નાથજી, પિયા ખિણ ખિણ રોવે ॥
માતાપિતા સમજાયકે, દાન વરસી દેવે ॥૨૧॥

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



દીનદુઃખી સુખીયા કિયા, દારિદ્રકું ચુરે ॥
શ્રી શુભવીર હરિ તિહાં, ધન સઘળુ પૂરે ॥૨૨॥

ભોગી યદાલોક નતોઽપિ યોગી બભૂવ પાતાલપદે નિયોગી ॥
કલ્યાણકારી દુરિતાપહારી દશાવતારી વરદઃસપાર્શ્વઃ ॥૧॥
ૐ હ્રીં શ્રીં પરમ પુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુ નિવારણાય, શ્રીમતે જિનેન્દ્રાય ચંદનં યજામહે સ્વાહા.

૬. લોકાંતિક દેવો પ્રભુને દીક્ષાનો અવસર એક વર્ષ પહેલાંથી જણાવે છે. પ્રભુના હાથનું દાન લેનાર ભવ્ય જ હોય, છ માસનો રોગી પણ નિરોગી થાય...ત્રીસ વરસ ઘરમાં રહી...સંયમી પ્રભુ દીક્ષા લેવા નીકળે છે. કુલની વડેરી વ્યકિતઓ કહે છે કે જેમ સંવત્સરી દાનથી દારિદ્ર લોકોનું દૂર કર્યું તેમ મોહાદિને દૂર કરી કેવળ જ્ઞાન મેળવજો. આશ્રમપદ ઉદ્યાનમાં અશોક વૃક્ષની નીચે અટ્ઠમતપ પૂર્વક (માગશર વદ-૧૧) પોષ વદ-૧૧ના દીક્ષા સ્વીકારી.



For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



## ।। અથ દીક્ષાકલ્યાણકે ષષ્ઠ ધૂપપૂજા ।।

### ।। દોહા ।।

વરસીદાનને અવસરે, દાન લીએ ભવ્ય તેહ ॥
રોગ હરે ષટ્ માસનો, પામે સુંદર દેહ ॥૧॥

ધુપઘટા ધરી હાથમાં, દીક્ષા અવસર જાણ ॥
દેવ અસંખ્ય મળ્યા તિહાં, માનું સંજમ ઠાણ ॥૨॥

### ।। ઢાળ-દેખો ગતિ દૈવની રે-એ દેશી ।।

ત્રીશ વરસ ઘરમાં વસ્યા રે, સુખભર વામાનંદ ॥
સંયમ રસિયા જાણીને રે, મળિયા ચોસઠ ઇંદ્ર ॥
નમો નિત્ય નાથજી રે, નિરખત નયના નંદ ॥૧॥

તીર્થોદક વર ઔષધિ રે, મેળવતા બહુ ઠાઠ ॥
આઠ જાતિ કળશા ભરી રે, એક સહસને આઠ. ॥૨॥

અશ્વસેન રાજા ધુરે રે, પાછળ સુર અભિષેક ॥
સુરતરૂ પેરે અલંકર્યા રે, દેવ ન ભુલે વિવેક. ॥૩॥

વિશાલા નૃપશિબિકા રે, બેઠા સિંહાસન નાથ ॥
બેઠી વડેરી દક્ષિણે રે, પટ શાટક લેઈ હાથ. ॥૪॥

વામ દિશે અંબ ધાતરીરે, પાછળ ધરી શણગાર ॥
છત્ર ધરે એક યૌવના રે, ઇશાન ફળ કરનાર ॥૫॥

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



અગ્નિ કોણે એક યૌવનારે,રયણ મય પંખો હાથ ॥
ચલત શિબિકા ગાવતી રે, સર્વ સાહેલી સાથ. ॥૬॥

શક્ર ઇશાન ચામર ધરે રે, વાજિંત્રનો નહિ પાર ॥
આઠ મંગળ આગળ ચલે રે, ઇંદ્રધ્વજા ઝલકાર. ॥૭॥

દેવ દેવી નર નારીઓ રે, જોઇ કરે પ્રણામ ॥
કુળમાં વડેરા સજ્જનારે, બોલે પ્રભુને નામ. ॥૮॥

જિત નિશાન ચડાવજો રે,મોહની કરી ચકચુર ॥
જેમ સંવત્સર દાનથી રે, દારિદ્ર કાઢયું દૂર. ॥૯॥

વરઘોડેથી ઊતર્યા રે, કાશીનયરની બહાર ॥
આશ્રમપદ ઉદ્યાનમાં રે, વૃક્ષ અશોક રસાળ ॥૧૦॥

અઠ્ઠમ તપ ભૂષણ તજીરે, ઉચ્ચરે મહાવ્રત ચાર ॥
પોષ બહુલ એકાદશી રે, ત્રણ્ય સયાં પરિવાર ॥૧૧॥

મનઃપર્યવ તવ ઉપનું રે, ખંધ ધરે જગદીશ ॥
દેવદૂષ્ય ઇંદ્રે દિયું રે, રહેશે વરસ ચતતીસ ॥૧૨॥

કાઉસ્સગ્ગ મુદ્રાએ રહ્યારે, સુર નંદીશ્વર જાત ॥
માતપિતા વાંદી વળ્યા રે, શ્રી શુભવીર પ્રભાત ॥૧૩॥

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



**ભોગી યદા લોક નતોઽપિ યોગી, બભૂવ પાતાલપદે નિયોગી**
**કલ્યાણકારી દુરિતાપહારી, દશાવતારી વરદઃ સ પાર્શ્વઃ ।**

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય, જન્મજરામૃત્યુ-નિવારણાય, શ્રીમતે જિનેન્દ્રાય ધૂપં યજામહે સ્વાહા.**

૭. શ્રીપાર્શ્વનાથ પ્રભુએ પ્રથમ પારણું સારથધને કરી તપ તપતા શ્રમણાવસ્થામાં રહે છે. કાદંબરી અટવીમાં પ્રભુ કાઉસગ્ગધ્યાને રહેલા ત્યારે વન હાથીએ શૂંઢમાં જળ ભરી અભિષેક કરી અંગૂઠે કમળથી પૂજા કરી...કલિકુંડ-તીર્થની સ્થાપના થાય છે. (કમઠ) મેઘમાળી એ ભયંકર ઉપસર્ગ કર્યો પણ પરમાત્મા અપૂર્વ સમતા ભાવે ધ્યાનમાં રહે છે. વૈરી વેર ભુલતો નથી....ત્યારે પ્રભુ...અપકારી પ્રત્યે પણ ઉપકાર કરવાનું ભૂલતા નથી...ચોરાશી દિન છદ્મસ્થ અવસ્થામાં પુરા થતાં (ફાગણ વદ-૪) ચૈત્ર વદ-૪ના કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું.



For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



॥ અથ કેવલજ્ઞાન કલ્યાણકે સપ્તમ દીપકપૂજા ॥

દોહા

સારથ ધન ઘરે પારણું, પ્રથમ પ્રભુએ કીધ ॥
પંચ દિવ્ય પ્રગટાવીને તાસ મુક્તિસુખ દીધ ॥૧॥

જગદીપક પ્રગટાવવા, તપ તપતા રહી રાણ ॥
તેણે દીપકની પૂજના કરતા કેવલનાણ ॥૨॥

॥ ઢાળ ॥ મહાવીર પ્રભુ ઘેર આવે–એ દેશી ॥

પ્રભુ પારસનાથ સિધાવ્યા, કાદંબરી અટવી આવ્યા;
કુંડ નામે સરોવર તિરે, ભર્યું પંકજ નિર્મળ નીરેરે;
મનમોહન સુંદર મેળા, ધન્ય લોક નગર ધન્ય વેળારે.

કાઉસગ્ગ મુદ્રા પ્રભુ ઠાવે, વનહાથી તિહાં એક આવે;
જળ શુંઢ ભરી ન્હવરાવે, જિન અંગે કમળ ચઢાવે રે.

કલિકુંડ તીરથ તિહાં થાવે, હાથી ગતિદેવની પાવે;
વળી કૌત્સુભ વન આણંદે, ધરણેંદ્ર વિનય ધરીવંદેરે;

ત્રણ્ય દિન ફણી છત્ર ધરાવે, અહિછત્રા નગરી વસાવે;
ચાલતા તાપસ ઘર પૂઠે, નિશી આવી વસ્યા વડહેઠેરે.

થયો કમઠ મરી મેઘમાળી, આવ્યો વિભંગે નિહાળી;
ઉપસર્ગ કર્યા બહુ જાતિ, નિશ્ચલ દીઠી જિનછાતી રે.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



ગગને જળ ભરી વાદળીઓ,વરસે ગાજે વિજળીઓ;
પ્રભુ નાસા ઉપર જળ જાવે,ધરણેંદ્ર પ્રિયા સહઆવેરે.

ઉપસર્ગ હરી પ્રભુ પૂજી, મેઘમાળી પાપથી ધ્રૂજી;
જિનભકતે સમક્તિ પાવે, બેહુ જણ સ્વર્ગ સિધાવે રે.

આવ્યા કાશી ઉદ્યાને, રહ્યા સ્વામી કાઉસગ્ગધ્યાને;
અપૂરવ વીર્ય ઉલ્લાસે, ઘનઘાતી ચાર વિનાસે રે.

ચોરાશી ગયા દિન આખા, વદિ ચૈતર ચોથ વિશાખા.
અઠ્ઠમ તરુ ધાતકી વાસી, થયા લોકાલોક પ્રકાશી રે.

મળે ચોસઠ ઇન્દ્ર તે વાર, રચે સમવસરણ મનોહાર;
સિંહાસન સ્વામી સોહાવે, શિર ચામર છત્ર ધરાવે રે.

ચોત્રીસ અતિશય થાવે, વનમાળી વધામણી લાવે;
અશ્વસેન ને વામારાણી, પ્રભાવતી હર્ષ ભરાણી રે.

સામૈયું સજી સહુ વંદે, જિનવાણી સુણી આણંદે,
સસરો સાસુ વહુ સાથે, દીક્ષા લીધી પ્રભુ હાથે રે.

સંઘ સાથે ગણિપદ ધરતા, સુર જ્ઞાન મહોત્સવ કરતા;
સ્વામી દેવછંદે સોહાવે, શુભવીર વચન રસ ગાવે રે.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



**ભોગી યદાલોક નતોઽપિ યોગી, બભૂવ પાતાલપદે નિયોગી;**
**કલ્યાણકારી દુરિતાપહારી, દશાવતારી વરદઃ સ પાર્શ્વઃ ।**

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુ-નિવારણાય શ્રીમતે જિનેંદ્રાય દીપં યજામહે સ્વાહા.**

૮. શ્રીપુરુષાદાનીય પાર્શ્વનાથ ભગવંતના શુભ આદિ દસ ગણધર, સોળ હજાર સાધુ, ૩૮૦૦૦ સાધ્વી, એક લાખ ચોસઠ હજાર શ્રાવકો, ત્રણ લાખ સત્તાવીસ હજાર સાધ્વીજીનો પરિવાર હતો. ૩૪ અતિશયોથી પુજાતા, અષ્ટ પ્રાતિહાર્ય-યુક્ત, જેની વાણી પાંત્રીસ ગુણોના રસથી ભરપુર એવા પરમાત્મા ૬૯ વર્ષ, ૨૭૬ દિન કેવલી પર્યાય પાળી સમેત શિખર શ્રાવણ સુદ આઠમના વિશાખા નક્ષત્ર યોગે એક માસના અણસણ પૂર્વક, તેત્રીસ મુનિવરો સાથે સિદ્ધ અવસ્થા પામ્યા.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



॥ અથ નિર્વાણકલ્યાણકે અષ્ટમ નૈવેદ્યપૂજા ॥

॥ દોહા ॥

શુભ આદે દશ ગણધરા, સાધુ સોળ હજાર ॥
અડતીસ સહસ તે સાધવી, ચાર મહાવ્રત ધાર ॥૧॥

ઇગ લાખ ચઉસઠ સહસ છે, શ્રાવકનો પરિવાર ॥
સગવીશ સહસ તે શ્રાવિકા, તિગ લખ ઉપર ધાર ॥૨॥

દેશવિરતિધર એ સહુ, પૂજે જિન ત્રણ કાળ ॥
પ્રભુ પડિમા આગળ ધરે, નિત્ય નૈવેદ્યનો થાળ ॥૩॥

॥ ઢાળ ॥ એકસમે વૃંદાવનમાં એક શામલિયોજી, એ–દેશી

રંગરસિયા રંગરસ બન્યો ॥ મનમોહનજી ॥
કોઈ આગળ નવિ કહેવાય, મનડું મોહ્યું રે મનમોહનજી
વેધકતા વેધક લહે, બીજા બેઠા વા ખાય ॥૧॥

લોકોત્તર ફળ નીપજે, મોટો પ્રભુનો ઉપકાર ॥
કેવળનાણ દિવાકરુ, વિચરંતા સુરપરિવાર ॥૨॥

કનક કમળ પગલાં ઠવે, જળબૂંદ કુસુમ વરસાત ॥
શિર છત્ર વળી ચામર, ઢળે તરુ નમતાં મારગ જાત ૩

ઉપદેશી કેઈ તારીયા, ગુણ પાંત્રીશ વાણી રસાળ ॥
નર નારી સુર અપ્સરા, પ્રભુ આગળ નાટકશાળા ॥૪॥

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



અવનીતળ પાવન કરી,અંતિમ ચોમાસું જાણ ॥
સમેતશિખરગિરિ આવીયા,ચડતા શિવધર સોપાન ૫

શ્રાવણ સુદિ આઠમ દિને, વિશાખાએ જગદીશ;
અણસણ કરી એક માસનું સાથે મુનિવર તેત્રીશ ॥૬॥

કાઉસ્સગ્ગમાં મુક્તિ વર્યા,સુખ પામ્યા સાદિ અનંત ॥
એક સમય સમશ્રેણિથી, નિઃકર્મા ચઉ દ્રષ્ટાંત ॥૭॥

સુરપતિ સઘળા તિહાં મળે, ક્ષીરોદધિ આણે નીર ॥
સ્નાન વિલેપન ભૂષણે, દેવ દૂષ્યે સ્વામી શરીર ॥૮॥

શોભાવી ધરી શિબિકા, વાજિંત્ર ને નાટક ગીત ॥
ચંદન ચય પર જાળતા, સુર ભક્તિ શોકસહિત ॥૯॥

થુભ કરે તે ઉપરે, દાઢાદિક સ્વર્ગે સેવ ॥
ભાવ ઉદ્યોત ગયે થકે, દીવાળી કરતા દેવ ॥૧૦॥

નંદીસર ઉત્સવ કરે, કલ્યાણક મોક્ષાનંદ ॥
વર્ષ અઢીસેં આંતરૂં,શુભવીર ને પાર્શ્વ જિણંદ ॥૧૧॥

॥ ગીત ॥ ઘરે આવો ઢોલા–એ દેશી ॥

ઉત્સવ રંગ વધામણાં, પ્રભુ પાસને નામે ॥
કલ્યાણક ઉત્સવ કિયો, ચઢતે પરિણામે ॥૧॥

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



શત વર્ષાયુ જીવીને, અક્ષય સુખસ્વામી ॥
તુમ પદ સેવા ભક્તિમાં, નવિ રાખું ખામી ॥૨॥

સાચી ભકતે સાહિબા, રીઝો એક વેળા ॥
શ્રીશુભવીર હુવે સદા, મનવાંછિત મેળા ॥૩॥

॥ કળશ ॥

ગાયો ગાયો રે, શંખેશ્વર સાહેબ ગાયો ॥
યાદવ લોકની જરા નિવારી, જિનજી જગત ગવાયો;
પંચકલ્યાણક ઉત્સવ કરતાં, અમ ઘર રંગ વધાયો. ૧

તપાગચ્છ શ્રી સિંહસૂરિના, સત્યવિજય બુધ પાયો,
કપૂરવિજય ગુરુ ખિમાવિજય તસ,
જસવિજયો મુનિરાયો રે ॥૨॥

તાસ શિષ્ય સંવેગી ગીતારથ, શાંત સુધારસ નાહ્યો ॥
શ્રી શુભવિજય સુગુરુ સુપસાયે,
જયકમળા જગ પાયા રે ॥૩॥

રાજનગરમાં રહી ચોમાસું, કુમતિ કુતર્ક હઠાયો ॥
વિજયદેવેંદ્રસૂરીશ્વર રાજ્યે એ અધિકાર બનાયો રે ૪

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



અઢારસેં નેવ્યાશી અક્ષય ત્રીજ, અક્ષય પુણ્ય ઉપાયો,
પંડિત વિરવિજય પદ્માવતી, વાંછિત દાય સુહાયો રે ૫

ભોગી યદાલોક નતોડપિ યોગી, બભૂવ પાતાલપદે નિયોગી,
કલ્યાણકારી દુરિતાપહારી, દશાવતારી વરદઃ સ પાર્શ્વ : ૧

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુ નિવારણાય, શ્રીમતે જિનેન્દ્રાય નૈવેદ્યં યજામહે સ્વાહા.

પંડિત શ્રી વીરવિજયજીકૃત પંચકલ્યાણક પૂજા સમાપ્ત.

(૧) હે દેવાધિદેવ-મેં તમારી પૂજામાં અંતરાય કર્યો, આગમ શાસ્ત્ર લોપ્યા, પરનિંદા કરી વિપરીત પરૂપણા કરી, જીવ હિંસાદિ કરી ઘણા પાપ કર્યાં, ગરીબ ઉપર કોપ કર્યો, ધર્મ માર્ગનો લોપ કરી પરમાર્થની વાત કરનારની હાંસી કરી...ભણનારાઓને અંતરાય કર્યો, દાન આપનારને રોકી લીધા, માણસ, પશુ વિગેરેને ભૂખ્યા રાખી સ્વયં જમ્યો.

પરસ્ત્રી સાથે આનંદથી રમ્યો, ખોટા કાગળો લખી વ્યાપાર કર્યો. બાળકો કુમારિકાઓને ભોળવી પરદેશમાં વેચી દીધા...પોપટાદિ તિર્યંચોને પાંજરામાં પૂરી અનેક પ્રકારે અંતરાય કર્મ બાંધ્યા છે.-હે પ્રભુ ! આપની જળ પૂજા કરી સોમ શ્રી બ્રાહ્મણી મુક્તિ પદ પામી તેમ હું પણ હું પામું !

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



# અંતરાયકર્મ નિવારણ પૂજા

## ॥ પ્રથમજલ પૂજા ॥

॥ દુહા ॥

શ્રી શંખેશ્વર શિર ધરી, પ્રણમી શ્રી ગુરુપાય ॥
વંછિત પદ વરવા ભણી, ટાળીશું અંતરાય ॥૧॥

જિમ રાજા રીઝયો થકો, દેતાં દાન અપાર ॥
ભંડારી ખીજ્યો થકો, વારંતો તેણીવાર ॥૨॥

તિમ એ કર્મ ઉદય થકી, સંસારી કહેવાય ॥
ધર્મ કર્મ સાધન ભણી, વિઘન કરે અપાર ॥૩॥

અરિહાને અવલંબિને, તરિયે ઇણે સંસાર
અંતરાય ઉચ્છેદવા, પૂજા અષ્ટપ્રકાર ॥૪॥

॥ ઢાળ—મારી અંબાના વડલા હેઠે ભર્યા રે સરોવર લહેર્યાં લે છે રે ॥ એ દેશી ॥

જળપૂજા કરી જિનરાજ, આગળ વાત વીતી કહો રે;
કહેતાં નવિ આણો લાજ, કરજોડીને આગળ રહો રે.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



જિનપૂજાનો અંતરાય, આગમ લોપી નિંદા ભજી રે;
વિપરીત પ્રરૂપણા થાય, દીનતણી કરુણા તજી રે.

તપસી ન નમ્યા અણગાર,જીવતણીમેં હિંસા સજી રે;
નવિ મળિયોઆ સંસાર,તુમ સરિખો રે શ્રી નાથજીરે.

રાંક ઉપર કીધો કોપ, માઠાં કર્મ પ્રકાશિયાં રે;
ધર્મ મારગનો લોપ, પરમારથ કેતાં હાંસિયાં રે.

ભણતાંને કર્યો અંતરાય, દાન દીયંતા મેં વારિયાં રે;
ગીતારથને હેલાય, જુઠ બોલી ધન ચોરિયાં રે.

નર પશુઆં બાળક દીન,ભૂખ્યાં રાખી આપે જમ્યોરે;
ધર્મવેળાએ બળહીન, પરદારાશું રંગે રમ્યો રે.

કૂડે કાગળિયે વ્યાપાર, થાપણ રાખીને ઓળવી રે;
વેચ્યાં પરદેશ મોઝાર, બાળકુમારિકા ભોળવી રે.

પિંજરીયે પોપટ દીધ, કેતી વાત કહું ઘણી રે;
અંતરાયકરમ એમ કીધ, તે સવિ જાણો છોજગધણીરે

જળે પૂજંતી દ્વિજનારી, સોમસિરી મુગતિ વરી રે;
શુભવીર જગત આધાર, આણા મેં પણ શિર ધરી રે.

૪

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



॥ કાવ્યં-ઉપજાતિવૃત્તમ્ ॥

તીર્થોદકૈર્મિશ્રિતચંદનૌઘૈઃ સંસારતાપાહતયે સુશીતૈઃ ॥
જરાજનિપ્રાંતરજો-ભિશાંત્યૈ, તત્કર્મદાહાર્થમજં યજેડહં ।૧।

॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

સુરનદીજલપૂર્ણઘટૈર્ઘનૈ-ર્ઘુસૃણમિશ્રિતવારિભૃતૈઃ પરૈઃ ॥
સ્નપયતીર્થકૃતં ગુણવારિધિં, વિમલતાં ક્રિયતાં ચ નિજાત્મનઃ ૨
જનમનોમણિભાજનભારયા, શમરસૈકસુધારસધારયા ॥
સકલબોધકલારમણીયકં, સહજસિદ્ધમહં પરિપૂજયે ॥ ૩ ॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુ નિવારણાય, વિઘ્નસ્થાનકોચ્છેદનાય શ્રીમતે વીરજિનેંદ્રાય, જલં યજામહે સ્વાહા.

(૨) આ સંસારમાં કૃપણ માનવી ભૂંડો કહેવાય છે. શ્રેણીકના કહેવા છતાં કપિલા દાસીએ દાન ન આપ્યું. કપિલા કહે....હું દાન આપતી નથી આ તો શ્રેણીકનો ચાટવો દાન આપે છે, તે કૃપણ શાસ્ત્ર સાંભળે નહિં. તેથી ધર્મ પામવા તૈયાર ન થાય. જેથી કુકર્મ પાપ છોડી શકતો નથી. દાન દેતાં અંતરાય કરવાથી દાનનો પરિણામ ન જાગે, તેવા કૃપણને ઘેર સાધુ-સંત લગભગ જાય નહિં. તેનાથી સજ્જનો દૂર રહે છે, દાનની રૂચિવાળા અલ્પધની ને ઘેર સૌ જાય.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



# ॥ દ્વિતીય ચંદન પૂજા ॥

॥ દુહા ॥

શીતળ ગુણ જેહમાં રહ્યો, શીતળ પ્રભુ મુખ રંગ ॥
આત્મ શીતળ કરવા ભણી, પૂજો અરિહા અંગ ॥૧॥

અંગવિલેપન પૂજના, પૂજો ધરી ઘનસાર ॥
ઉત્તરપયડિ પંચમા, દાનવિઘન પરિહાર ॥૨॥

॥ ઢાળ કામણગારો એ કૂકડો રે—એ દેશી ॥

કરપો ભૂંડો સંસારમાં રે, જેમ કપિલા નાર ॥
દાન ન દીધું મુનિરાજને રે, શ્રેણીકને દરબાર ॥૧॥

કરપી શાસ્ત્ર ન સાંભળે રે, તિણે નવિ પામે ધર્મ ॥
ધર્મ વિના પશુ પ્રાણીયા રે, છંડે નહીં કુકર્મ ॥૨॥

દાનતણાં અંતરાયથી રે, દાનતણો પરિણામ ॥
નવિ પામે ઉપદેશથી રે, લોક ન લે તસ નામ ॥૩॥

કૃપણતા અતિ સાંભળી રે, નાવે ઘર અણગાર ॥
વિશ્વાસી ઘર આવતાં રે, કલ્પે મુનિ આચાર ॥૪॥

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



કરપી લક્ષ્મીવંતને રે, મિત્ર સજ્જન રહે દુર ॥
અલ્પધની ગુણું દાનથી રે, વંછે લોક પંડુર ॥૫॥

કલ્પતરુ કનકાચલે રે, નવિ કરતા ઉપગાર ॥
તેથી મરુધર રૂડો કેરડો રે, પંથગ છાંય લગાર ॥૬॥

ચંદનપૂજા ધન વાવરે રે, ક્ષય ઉપશમ અંતરાય ॥
જિમ જયસુર ને શુભમતી રે, ક્ષાયિક ગુણ પ્રગટાય. ૭

શ્રાવક દાન ગુણે કરી રે, તુંગિયા અભંગ દુવાર ॥
શ્રી શુભવીરે વખાણીયા રે, પંચમ અંગ મોઝાર ॥૮॥

॥ કાવ્યં—દ્રુતવલંબિતવૃત્તદ્વયમ્ ॥

જિનપતેર્વરગંધસુપૂજનં, જનિજરામરણોદ્ભવભીતિહૃત ।
સકલરોગવિયોગવિપદ્ધરં, કુરુકરેણુ સદા નિજ પાવનમ ॥૧॥

સહજકર્મકલંકવિનાશનૈ, રમલભાવસુવાસનચંદનૈઃ—।
અનુપમાન ગુણાવલિદાયકં, સહજસિદ્ધિમહં પરિપૂજયે ॥૨॥

મંત્ર

ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય, જન્મજરામૃત્યુ-નિવારણાય, દાનાંતરાયનિવારણાય શ્રીમતે વીરજિનેંદ્રાય, ચંદનં યજામહે સ્વાહા.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



(૩) **લીલાવતી** પુષ્પ પૂજા કરતાં **થકાં** લાભાંતરકર્મનો ક્ષય કરી નિર્વાણપદ પામ્યા. તેમ હું પણ પામું. પરદેશ ખેડવા છતાં કોડી પણ મેળવી ન શકે, ભીખ માંગવા છતાં ભિક્ષા ન મલે, જેથી અજ્ઞાની જીવ લોકો ઉપર દ્વેષ રાખી અધોગતિમાં જાય....જેમ દ્રુમક શીલા પાડવા જતાં પોતે જ પડયો...સાતમી નરકમા પ્રવેશી ગયો. પશુઓને ઘાસ ખાતાં રોકયા...મુખે બંધન લગાવી દીધું જેથી તે કર્મ પ્રમાણે ઢંઢણમુનિને છ માસ સુધી ગોચરીનો લાભ ન થયો. આદીશ્વર ભગવાનને પણ ૪૦૦ દિન સુધી....ગોચરી ન જ મળી...આ સમયે અજ્ઞાની આત્મા આર્ત્તધ્યાન કરે, સમકિતી આત્મા આપની વાણીને ચિત્તમાં ધારણ કરે. જેમ પુણીયો શ્રાવક સંતોષભાવ ધારણ કરતાં અને આપની ફૂલ પગર ભરી પૂજા કરતો હતો...



For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



# ॥ તૃતીય પુષ્પ પૂજા ॥

॥ દુહો ॥

હવે ત્રીજી સુમનસ તણી, સુમનસ કરણ સ્વભાવ ॥
ભાવસુગંધ કરણ ભણી, દ્રવ્ય કુસુમ પ્રસ્તાવ ॥૧॥

માલતી ફુલે પૂજતી, લાભ વિઘન કરી હાણ ॥
વણિકસુતા લીલાવતી, પામી પદ નિરવાણ ॥૨॥

॥ ઢાળ–ઓરા ઓરાજી આવો રે, કહું એક વાતલડી–એ દેશી

મનમંદિર આવો રે, કહું એક વાતલડી ॥
અજ્ઞાનીની સંગે રે, રમિયો રાતલડી ॥૧॥

વ્યાપાર કરેવા રે, દેશ વિદેશ ચલે ॥
પરસેવા હેવા રે, કોડી ન એક મળે ॥૨॥

રાજગૃહી નયરે રે, દ્રુમક એક ફરે ॥
ભિક્ષાચાર વૃત્તિયે રે, દુઃખે પેટ ભરે ॥૩॥

લાભાંતરાયે રે, લોક ન તાસ દીયે ॥
શિલા પાડંતો રે, પોહોતો સાતમીયે ॥૪॥

ઢંઢણ અણગારો રે. ગોચરી નિત્ય ફરે ॥
પશુઆ અંતરાયે રે, આહાર વિના વિચરે ॥૫॥

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



આદીશ્વર સાહિબ રે, સંયમભાવ ધરે ॥
વરસીતપ પારણું રે, શ્રેયાંસરાય ઘરે ॥૬॥

મિથ્યાત્વે વાહ્યો રે, આરત ધ્યાન કરે ॥
તુજ આગમવાણી રે, સમકિતી ચિત્ત ધરે ॥૭॥

જિમ પૂણિયો શ્રાવક રે, સંતોષ ભાવધરે ॥
નિત્ય જિનવર પૂજે રે, ફુલના પગર ભરી ॥૮॥

સંસારે ભમતા રે, હું પણ આવી ભળ્યો ॥
અંતરાય નિવારક રે, શ્રી શુભવીર મળ્યો ॥૯॥

॥ દ્રુતવિલંબિમવૃત્તદ્વયમ્ ॥

સુમનસાંગતિહાઈ વિધાવિના, સુમનસાનિકરૈ, પ્રભુ પૂજનમ્ ।
સુમનસાસુમનોગુણસંગિના, જન ! વિધેહિનિધેહિમનોઽર્ચને ૧
સમયસારસુપુષ્પસુમાલયા, સહજ કર્મકરેણ વિશોધયા ॥
પરમયોગબલેન વશીકૃત, સહજ સિદ્ધમહં પરિપૂજયે ॥૨॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુ-નિવારણાય, લાભાંતરાયોચ્છેદનાય, શ્રીમતે વીરજિનેન્દ્રાય, પુષ્પાણિ યજામહે સ્વાહા.

(૪) પૂર્વ પુણ્ય-પુરુષાર્થથી ભોગવવાની ચીજો મેળવી પણ ભોગવી ન શકે... કરોડપતિ કે આછણીવાળો શું ભોગવી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



શકે, ચામડીનો અસહ્ય દર્દી તળાઇઓ શું વાપરી શકે ? તે ભોગાંતરાય કર્મના ઉદયે છતે સાધને છતી લક્ષ્મીએ તેને વાપરી ન શકે આર્ત્તધ્યાની એવા મેં હે પ્રભુ...ભૂલ્યો સઘળી બાજી ભૂલ્યો –આગમવાણી યાદ ન આવી.. કૂવાની છાયા કુવામાં જ સમાય એમ મારી મનની વાતો મનમાં જ રહી ગઇ...ઘેબર ખાવા માટે અનીતિ કરી પણ જમાઇ ઘેબર ખાઇ ગયો. ત્યારે જ્ઞાન દશા પ્રાપ્ત થઇ. તે ભોગાંતરાય કર્મના ઉદયે શરીર રોગી, પરાધીન, અન્નની અરૂચિ થાય, જેથી હે ભગવાન...તમારી ધૂપ પૂજાના બળે વિનયંધર રાજાની જેમ સાતમે ભવે હું પણ મુક્તિપદ પામું.



For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



# ।। ચતુર્થ ધુપ પૂજા ।।

।। દુહા ।।

કર્મ કઠિન કઠ દાહવા, ધ્યાન હુતાશન યોગ ।।
ધૂપે જિન પૂજી દહો, અંતરાય જે ભોગ ।।૧।।

એકવાર જે ભોગમાં, આવે વસ્તુ અનેક ।।
અશન પાન વિલેપને, ભોગ કહે જિન છેક ।।૨।।

।। ઢાળ—રાગ આશાવરી–છેડો નાંજી–એ દેશી.

બાજી બાજી બાજી ભૂલ્યો બાજી, ભોગ વિઘનઘન ગાજી;
આગમ જ્યોત ન તાજી, કર્મકુટિલવશ કાજી. ।।
સાહિબ ! સુણ થઈ રાજી ।। ભૂલ્યો૦।। ।।એ આંકણી ।।

કાળ અનાદિ ચેતન રઝળે, એકે વાત ન સાજી ।।
મયણા ભઈણી ન રહે છાની, મળિયા માતપિતાજી ૧

અંતરાય થાનક સેવનથી, નિર્ધન ગતિ ઉપરાજી ।।
કૂપની છાયા કુપ સમાવે, ઇચ્છી તેમ સવિ ભાંજી ૨

નૈગમ એક નારી ધૂતી પણ, ઘેબર ભૂખ ન ભાંગી ।।
જમી જમાઇ પાછો વળિયો, જ્ઞાનદશા તવ જાગી ૩

કબહી કષ્ટે ધનપતિ થાવે, અંતરાય ફળ આવે ।।
રોગી પરવશ અન્ન અરુચિ, ઉત્તમ ધાન્ય ન ભાવે ૪

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



## ક્ષાયિકભાવે ભોગની લબ્ધે, પૂજા ધૂપ વિશાળા ॥
## વીર કહે ભવ સાતમે સિદ્ધા, વિનયંધર ભૂપાળા ॥૫॥

॥ કાવ્યં—દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

અગરુમુખ્યમનોહરવસ્તુના, સ્વનિરુપાધિગુણૌઘવિધાયિના ।
પ્રભુશરીરસુગંધસુહેતુના, રચય ધૂપન-પૂજન-મર્હતઃ ॥૧॥
નિજગુણા ક્ષયરૂપસુધૂપનં, સ્વગુણઘાતમલં પ્રવિકર્ષણમ ।
વિશદબોધમનંતસુખાત્મકં, સહજસિદ્ધમહંપરિપૂજયે ॥૨॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય, જન્મજરામૃત્યુ નિવારણાય, ભોગાંતરાયદહનાય શ્રીમતે વીરજિનેંદ્રાય ધૂપં યજામહે સ્વાહા.

(૫) ભોગવવા યોગ્ય એકવાર ભોગવીને વારંવાર તેની ચાહના-ઇચ્છા થાય તે પૂર્ણ ન થાય તેમાં ઉપભોગાંતરાય કર્મ જાણવું...મુનિરાજની નિંદનાના...કારણે ભીમસેનને દેશ-પરદેશમાં ઘેર ઘેર સેવા કરવી પડી.

સતી અંજનાને બાવીસ વર્ષ પતિ વિયોગ, નળ-દમયંતીને બાર વર્ષનો વિયોગ, સતી સીતાને છ માસ વિયોગ સહન કરવો પડયો...મુનિરાજને મોદકનું દાન કરી નિંદના કરવાથી મમ્મણ છતે સાધને કંઇ ભોગવી ન શકયો...આ કર્મની વિડંબના દેખીને ચક્રવાકી સૂર્યને ઝંખે તથા ભોગી ભ્રમર કમળને ઇચ્છે તેમ હું જિનમતિ ધનશ્રીની જેમ જિનેશ્વરની દીપક પૂજા ઇચ્છું છું...

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



# ॥ પંચમ દીપક પૂજા ॥

॥ દુહા ॥

ઉપભોગવિઘ્ન પતંગીઓ, પડત જગત જીઉ જ્યોત ॥
ત્રિશલાનંદન આગળે, દીપકનો ઉદ્યોત. ॥૧॥
ભોગવી વસ્તુ ભોગવે, તે કહિયે ઉપભોગ ॥
ભૂષણ ચીવર વલ્લભા, ગેહાદિક સંયોગ. ॥૨॥

॥ ઢાળ–રાગ કાફી–અરનાથકું સદા મેરી વંદના–એ દેશી ॥

વંદના વંદના વંદના રે, જિનરાજકું સદા મેરીવંદના.
ઉપભોગ અંતરાય હઠાવી, ભોગીપદ મહાનંદના રે ॥
અંતરાય ઉદયે સંસારી, નિરધનને પરછંદના રે ॥

દેશ વિદેશે ઘર ઘર સેવા, ભીમસેન નરિંદનારે ॥
સુણિય વિપાક સુખી ગિરનારે, હેલક તેહ મુણીંદના રે

બાવીશ વરસ વિયોગેરહેતી, પવનપ્રિયાસતીઅંજનારે
નળ દમયંતી સતી સીતાજી, ષટ્માસી આક્રંદના રે

મુનિવરને મોદક પડિલાભી, પછી કરી ઘણી નિંદનારે
શ્રેણિક દેખે પાઉસ નિશિયે, મમ્મણશેઠ વિડંબના રે

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



ઇમ સંસાર વિડંબન દેખી, ચાહું ચરણ જિનચંદનારે
ચકવી ચાહેચિત્ત તિમિરારિ, ભોગી ભ્રમરઅરવિંદનારે
જિનમતિધનસિરિ દોય સાહેલી, દીપકપૂજાઅખંડનારે
શિવપામીતેમભવિ પદ પૂજો, શ્રી શુભવીર જિણંદનારે

॥ કાવ્યં—દ્રુતાવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

ભવતિ દીપશિખાપરિમોચનં, ત્રિભુવનેશ્વરસદ્મનિ શોભનમ્ ।
સ્વતનુકાંતિકરં તિમિરં હરં, જગતિમંગલકારણમાતરમ ॥૧॥
શુચિમનાત્મચિદુજ્જ્વલ-દીપકૈર્જ્વલિતપાપતંગસમૂહકે, ।
સ્વકપદં વિમલં પરિલેભિરે, સહજસિદ્ધમહંપરિપૂજયે ॥૨॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ-નિવારણાય, તુર્ય વિઘ્નોચ્છેદનાય શ્રીમતે વીરજિનેંદ્રાય દીપં યજામહે સ્વાહા.

(૬) વીર્યાંતરાય કર્મના ઉદયે જીવો પાંગળા, લૂલા, બળહીન થાય છે. જે ક્ષયોપશમના કારણે જીવ આત્મગત ગુણ કેળવવામાં શક્તિનો સદુપયોગ કરી શકે છે.

હે દેવાધિદેવ તારક પરમાત્મા! અંતરાય કર્મની છેલ્લી પ્રકૃતિ વીર્યાંતરાયને મૂલથી ઉખેડી તમો તીર્થંકર થયા છો. અમે પણ આપના દર્શન થકી એ જ યાચીએ છીએ. વાસુદેવ જેવા આત્મા પણ આ પ્રકૃતિના કારણે નીચ કુલમાં જાય તેમ દૃઢ ક્ષયોપશમથી બાહુબળી તથા વાલીકુમાર અક્ષય બળવાળા થયા. આપની અક્ષત પૂજા કરનાર શુક યુગલની જેમ અમો પણ વીર્યાંતરાય કર્મને તોડવા પૂજા કરીએ છીએ.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



# ॥ ષષ્ઠ અક્ષત પૂજા ॥

॥ દુહા ॥

વીર્ય વિઘન ઘન પડલસેં, અવરાણું રવિ તેજ ।
કાલ ગ્રીષ્મ સમ જ્ઞાનથી, દીપે આત્મ સતેજ ॥૧॥

અક્ષત શુદ્ધ અખંડશું, નંદાવર્ત્ત વિશાળ;
પૂરી પ્રભુ સન્મુખ રહી, થુણીએ જગત દયાળ ॥૨॥

॥ ઢાળ–સફળ થઇ મેરી આજકી ઘડિયાં–એ દેશી ॥

॥ રાગ બંગાળી કેરબો ॥

જિણંદા પ્યારા મુણીંદા પ્યારા, દેખોરી જિણંદા ભગવાન
દેખોરી જિણંદા પ્યારા ॥ એ આંકણી ॥
ચરમ પયડિકો મૂલ વિખરિયાં, ચરમ તીરથ સુલતાન
દર્શન દેખત મગન ભયે હૈ, માગત ક્ષાયિક દાન ॥૧॥

પંચમ વિઘનકો ખય ઉપશમસે, હોવત હમ નહીં લીન
પાંગળ બળહિણા દુનિયામેં, વીરો સાળવી દીન ॥૨॥

હરિબળ ચક્રિ શક્ર જ્યું બળીએ, નિર્બળ કુળઅવતાર
બાહુ બળી અક્ષય કીનો, ધન ધન વાલીકુમાર ॥૩॥

સફળ ભયો નર જન્મ હમેરો, દેખત જિનદેદાર
લોહ ચમક જ્યું ભગતિસેં હળિયે, પારસસાંઇ વિચાર ૪

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



**કીરયુગલ વ્રીહિ ચંચુમેં ધરતે, જિન પૂજત ભએ દેવ**
**અક્ષતસેં અક્ષયપદ દેવે, શ્રી શુભવીર કી સેવ ાાપાા**

॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

ક્ષિતિતલેઽક્ષતશર્મનિદાનકં. ગણિવરસ્ય પુરોઽક્ષતમંડલમ ।
ક્ષતવિનિર્મિતદેહનિવારણં, ભવપયોધિસમૃદ્ધરણોદ્યતમ ॥૧॥
સહજભાવસુનિર્મલતંદુલૈ-ર્વિપુલદોષવિશોધકમંગલૈઃ ।
અનુપરોધસુબોધવિધાયક, સહજસિદ્ધમહં પરિપૂજયે ॥૨॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુ નિવારણાય, વીર્યાંતરાય દહનાય, શ્રીમતે વીરજિનેન્દ્રાય. અક્ષતાન યજામહે સ્વાહા.

(૭) અણાહારી પદ ઝંખી રહ્યો છું–હે તારક...મેં વિગ્રહ ગતિમાં અનંતીવાર અણાહારી પદ મેળવ્યા. પણ કર્મથી મુક્ત એ અવસ્થાવાળુ જે અણાહારી પદ આજ દિન સુધી પ્રાપ્ત થયું નથી તે ઝંખના પૂર્ણ કરવા તારી નૈવેદ્ય પૂજા કરું છું...

હે તારક પરમાત્મા! આપની આંખો નિર્વિકારી કરનારી છે...અંતરાય કર્મના પાંચે પ્રકૃતિઓ નિવારી કેવળજ્ઞાન રૂપી સૂર્યથી પ્રકાશવંતા છો...સિદ્ધ સ્વરૂપી થયેલા આપ સિદ્ધ–બુદ્ધ નિરંજન, અરૂપી છો. અનુયોગ-દ્વારમાં લખ્યું છે. પંચમકાળમાં ભવ્ય જીવોને જિનાગમ–જિનબિંબ એ જ આધાર છે...આપ અમારા સ્વામી છો, અમે આપના સેવક બનવા આપની પૂજા કરીએ છીએ....

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



# ॥ સપ્તમ નૈવેદ્ય પૂજા ॥

॥ દુહા ॥

નિર્વેદી આગળ ધરો, શુચિ નૈવેદ્યનો થાળ ॥
વિવિધજાતિ પકવાનશું, શાળી અમૂલક દાળ ॥૧॥
અણાહારી પદ મેં કર્યા વિગ્ગહ ગઇઅ અનંત ॥
દૂર કરી એમ કીજીએ, દિયો અણાહારી ભદંત ॥૨॥

॥ ઢાળ રાગ—કાફી (અખિયનમેં ગુલઝાર.) એ દેશી ॥

અખિયનમેં અવિકારા, જિણંદા તેરી અખિયનમેં
અવિકારા ॥ એ આંકણી ૦ ॥

રાગદ્વેષ પરમાણુ નિપાયા, સંસારી સવિકારા,
શાંતરુચિ પરમાણુ નિપાયા, તુજ મુદ્રા મનોહારા ૧
દ્રવ્ય ગુણ પર્યાય ને મુદ્રા, ચઉગુણ ચૈત્ય ઉદારા,
પંચવિઘન ઘન પડલ પલાયા, દીપત કિરણ હજારા ૨
કર્મ વિનાશી સિદ્ધ સ્વરૂપી, ઇગતીસ ગુણ ઉપચારા
વરણાદિક વીશ દૂર પલાયા, આગઇ પંચ નિવારા ૩
તીન વેદકા છેદ કરાયા, સંગ રહિત સંસારા
અશરીરી ભવબીજ દહાયા, અંગે કહે આચારા ૪
અરૂપી પણ રૂપારોપણસેં, ઠવણા અનુયોગદ્વારા
વિષમકાલજિનબિંબજિનાગમ,ભવિયણકું આધારા ૫
મેવા મીઠાઇ થાળ ભરીને, ષટરસ ભોજન સારા
મંગળ તૂર બજાવત આવો, નરનારી કર થારા ૬

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



નૈવેદ્ય ઠવી જિન આગે માગો,હલિ નૃપ સુર અવતારા
ટાળી અનાદિઆહાર વિકારા,સાતમેભવઅણાહારા ૭
સગવિહ શુદ્ધિ સાતમી પૂજા, સગ ગઈ સગ ભય હારા
શ્રી શુભવીર વિજયપ્રભુપ્યારા,જિનઆગમજયકારા ૮

॥ કાવ્યં—દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

અનશનં તુમમાસ્ત્વતિબુદ્ધિના, રુચિરભોજનસંચિતભોજનં
પ્રતિદિનં વિધિનાજિનમંદિરે, શુભમતે બત ઢૌકય ચેતસા ૧
કુમતબોધ વિરોધનિવેદકૈર્વિહિત જાતિજરામરણાંતકૈઃ ॥
નિરશનૈઃ પ્રચુરાત્મગુણાલયં, સહજસિદ્ધસહં પરિપૂજયે ૨

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુ નિવારણાય, સિદ્ધપદપ્રાપણાય શ્રીમતે વીરજિનેંદ્રાય, નૈવેદ્યં યજામહે સ્વાહા.

(૮) ઈન્દ્ર મહારાજ આપની પૂજાર્થે કલ્પવૃક્ષ થકી ફળ લાવી. ભાવથી પૂજા કરી મોક્ષ ફળને ઝંખે છે. પ્રભુ તારૂં શાસન જગતના જીવમાત્રનું હિત કરનારૂં છે. મિથ્યાત્વી—અભવી ઓળખી શકતા નથી. જિનાગમથી જાણવાં મળે કે કે કર્મ તણી ગતિ ન્યારી છે. જ્ઞાનાવરણાદિ આઠે કર્મની સ્થિતિમાં અંતરાય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ કોડાકોડી સાગરોપમની છે...

હે પરમાત્મા ! તેવી કર્મ સ્થિતિનો નાશ કરી અનંતાનંત ગુણના ધારક, અનંત ઋદ્ધિના ભોકતા થયા છો પોપટના યુગલે તથા દુર્ગતા નારીએ ફળ પૂજાનાપ્રભાવે સિદ્ધપદ પામ્યા-તેમ અમે પણ પામીએ...


For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir

સ્વ. અનીલકુમાર અમૃતલાલ

જન્મ. તા. ૩૦-૧૦- ૧૯૩૬

સ્વર્ગવાસ. તા. ૨૨-૮- ૧૯૮૯



જન્મે તે મરે એ સનાતન નિયમ છે, ફૂલ ખીલે અંતે કરમાય પણ તેની સુગંધી ચોત્તરફ ફેલાવીને; શ્રી અનીલભાઈએ પુણ્યોદય ના સમયને સાધી શ્રી જિનવરની ભકિતમાં લીન બન્યા, અમારા શ્રી મંડળના સભ્ય હતા. સમભાવી, ઉદારત્તા, પરસ્પર મિત્ર ભાવે રહેનારા...એ અનીલભાઈ શાશ્વત પદને પામે.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



# ॥ અષ્ટમ ફલ પૂજા ॥

॥ દુહા ॥

અષ્ટકર્મ દળ ચૂરવા, આઠમી પૂજા સાર ॥
પ્રભુ આગળ ફળ પૂજતાં, ફળથી ફળ નિર્ધાર ॥૧॥

ઇંદ્રાદિક પૂજા ભણી, ફળ લાવે ધરી રાગ ॥
પુરુષોત્તમ પૂજી કરી, માગે શિવ ફળ ત્યાગ ॥૨॥

॥ ઢાળ—રાગ ધન્યાશ્રી ગિરૂઆરે ગુણ તુમતણા-એ દેશી ॥

પ્રભુ તુજ શાસન અતિ ભલું, માને સુર નર રાણો રે
મિચ્છ અભવ્ય ન ઓળખે, એક અંધો એક કાણો રે ૧

આગમવયણે, જાણીયે, કર્મતણી ગતિ ખોટી રે,
તીસ કોડાકોડી સાગરું, અંતરાય સ્થિતિ મોટી રે ૨

ધ્રૂવબંધી ઉદયી તથા, એ પાંચે ધ્રુવસત્તા રે
દેશઘાતિની એ સહી, પાંચે અપરિયત્તા રે. ૩

સંપરાય બંધે કહી, સત્તા ઉદયે થાકી રે.
ગુણઠાણું લઈ બારમું, નાઠી જીવ વિપાકી રે ૪



For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



જ્ઞાન મહોદય તેં વર્યો, ઋદ્ધિ અનંત વિલાસી રે
ફળપૂજા ફળ આપીએ, અમે પણ તેહના આશી રે ૫

કીરયુગલશું દુર્ગતા, નારી જેમ શિવ પામી રે
અમે પણ કરશું તેહવી, ભક્તિ ન રાખું ખામી રે ૬

સાચી ભકતે રીઝવી, સાહિબ દિલમાં ધરશું રે
ઉત્સવ રંગ વધામણાં, મનવાંછિત સવિ કરશું રે ૭

કર્મસૂદન તપ તરુફળે, જ્ઞાન અમૃતરસ ધારા રે
શ્રી શુભવીરને આશરે, જગમાં જય જયકારા રે ૮

॥ કાવ્ય—દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

શિવતરોઃ ફલદાનપરૈર્નવૈ-ર્વરફલૈઃ કિલ પૂજય તીર્થપમ ।
ત્રિદશનાથત્રિનતક્રમપંકજ, નિહતમોહમહીધરમંડલમ ॥૧॥
શમરસૈકસુધારસમાધુરૈ-રનુભવાખ્ય ફલૈરભયપ્રદૈઃ,
અહિતદુઃખહરં વિભવપ્રદં, સહજસિદ્ધમહં પરિપૂજયે ॥૨॥

॥ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય, જન્મજરામૃત્યુ-નિવારણાય, અષ્ટકર્મોચ્છેદનાય શ્રીમતે વીરજિનેંદ્રાય, ફલં યજામહે સ્વાહા,

□

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



# ॥ કળશ ॥

॥ કળશ—રાગ ધન્યાશ્રી તુઠો તુઠો રે એ-દેશી ॥

ગાયો ગાયો રે, મહાવીર જિનેશ્વર ગાયો ॥
ત્રિશલામાતા પુત્ર નગીનો, જગનો તાત કહાયો
તપ તપતાં કેવળ પ્રગટાયો,સમવસરણ વિરચાયો રે ૧

રયણ સિંહાસન બેસી ચઉમુખ, કર્મસૂદન તપ ગાયો
આચાર દિનકરે વર્ધમાનસૂરિ,ભવિ ઉપગાર રચાયો રે

પ્રવચનસારોદ્ધાર કહાવે, સિદ્ધસેનસૂરિરાયો,
દિન ચઉસટ્ઠિ પ્રમાણે એ તપ,ઉજમણે નિરમાયો રે ૩

ઉજમણાથી તપફળ વાધે, ઇમ ભાખે જિનરાયો
જ્ઞાન ગુરૂ ઉપગરણ કરાવો, ગુરૂગમ વિધિ વિરચાયો રે

આઠ દિવસ મળી ચોસઠ પૂજા, નવનવ ભાવ બનાયો
નરભવ પામી લાહો લીજે, પૂન્યે શાસન પાયો રે ૫

વિજયજિનેંદ્રસૂરીશ્વરરાજ્યે, તપગચ્છ કેરો રાયો
ખુશાલવિજય માનવિજય વિબુધના
આગ્રહથી વિરચાયો રે ૬

વડ ઓશવાલ ગુમાનચંદ સૂત, શાસનરાગ સવાયો,
ગુરુભક્તિ શા ભવાનચંદ નિત્ય,
અનુમોદન ફળ પાયો રે ૭

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



મૃગ બળદેવ મુનિ રથકારક, ત્રણ્ય હુઆ એક ઠાયો ॥
કરણ કરાવણ નેઅનુમોદન,સરિખાં ફળનિપજાયો રે ૮

શ્રી વિજયસિંહસૂરીશ્વર કેરા, સત્ય વિજય બુધ ઠાયો॥
કપૂરવિજય તસ ખિમાવિજય જસ,
વિજય પરંપર ધ્યાયો રે ૯

પંડિત શ્રી શુભવિજય સુગુરુ મુજ,પામી તાસ પસાયો
તાસશિષ્ય ધીરવિજય સલૂણા,આગમરાગસવાયોરે ૧૦

તસ લઘુ બાંધવ રાજનગરમેં,મિથ્યાત્વ પુંજ જલાયો
પંડિતવીરવિજય કવિરચના,સંઘ સકળસુખદાયો રે૧૧

પહેલો ઉત્સવ રાજનગરમેં; સંઘમળી સમુદાયો
કરતા જિમ નંદીસર દેવા. પૂરણ હર્ષ સવાયો રે ૧૨

કવિતા

શ્રુતજ્ઞાન, અનુભવ તાન મંદિર, બજાવત ઘંટા કરી ॥
તવ મોહપુંજ સમૂલ જલતે, ભાંગતે સગ ઠીકરી ॥
હમ રાજતે જગ ગાજતેદિન અક્ષય તૃતીયા આજથેં ॥
શુભવીર વિક્રમ વેદમુનિવસુ, ચંદ્ર (૧૮૭૪) વર્ષ
વિરાજતે ॥૧૩॥

॥ઇતિ અષ્ટમ દિવસેઽધ્યાપનીય અંતરાયકર્મ સૂદનાર્થં
અષ્ટમ પૂજાષ્ટકં સંપૂર્ણમ ॥

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir

# શ્રી જિનસ્તવનો

ટીલડી રે, મારા પ્રભુજીને શોભતી,
એવી મેં ટીલડી ઘડાવી......ટીલડી રે- ૧.
ટીલડી ઘડાવવા હું તો સોની ઘેર ગયોતો
સોનીડાએ ઘાટ રૂડા ઘડયા......ટીલડી રે- ૨.
ટીલડી ઘડાવવા હું તો ઝવેરી ઘેર ગયોતો
ઝવેરીએ હીરા મોતી જડીયા...ટીલડી રે- ૩
એવી રે ટીલડી હું તો શંખેશ્વર લાવ્યો
શંખેશ્વરા પાર્શ્વ ને ચડાવી...ટીલડી રે- ૪
દાદા તારી ટીલડીએ સૌના મન મોહયા
ભક્ત તણા અંતરીયા ખોલ્યા...ટીલડી રે- ૫

o o o o

ટહુકા કરતો જાય, મોરલિઓ ટહુકા કરતો જાય
પહેલે ટહુકે જાય, મોરલિઓ પાલીતાણા ધામ
નવાણું કરતો જાય, મોરલિઓ નવાણું કરતો જાય (ટહુકા)
બીજે ટહુકે જાય, મોરલિઓ શંખેશ્વરના ધામ
અઠ્ઠમ કરતો જાય, મોરલિઓ અઠ્ઠમ કરતો જાય (ટહુકા)
ત્રીજે ટહુકે જાય, મોરલિઓ પાવાપુરી ધામ
દિવાળી કરતો જાય, મોરલિઓ દિવાળી કરતો જાય ટહુકા)
ચોથે ટહુકે જાય, મોરલિઓ, જુનાગઢ ગીરનાર
સંયમ લેતોજાય, મોરલિઓ સંયમ લેતો જાય. (ટહુકા)
પાંચમે ટહુકે જાય, મોરલિઓ પાંચમે ટહુકે જાય
પૂજા ભણાવતો જાય, મોરલિઓ પૂજા ભણાવતો જાય (ટહુકા)

o o o o

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



ટહુકા કરતો જાય, મોરલિઓ ટહુકા કરતો જાય
પહેલે ટહુકે ઉડીને આવ્યો, પાલીતાણા ધામ
આદીશ્વર દાદાને લઈને, આવજે આપણે ગામ
બીજે ટહુકે ઊડીને આવ્યો, ગિરનાર ને દ્વાર
નેમનાથ લઈને તું તો, આવજે આપણે ગામ
ત્રીજે ટહુકે ઉડીને આવ્યો, શંખેશ્વરના ધામ
પારસનાથ ને લઈ તે તું આવજે આપણા ગામ
ચોથે ટહુકે ઊડીને આવ્યો, ઉદેપુરને ગામ
કેસરિયાજીને લઈને તું તો આવજે આપણા ગામ
ટહુકા કરતો ઊડીને આવ્યો, સર્વ પ્રભુજીને સાથ
ભવના મુસાફરી ગુણલા ગાતા, પ્રભુજીના ગામોગામ

○ ○ ○ ○

ભૂલ્યા રે પડયા અમે ભૂલા રે પડયા.
અમે ભવના મુસાફરી ભૂલા રે પડયા.
કયાંયે જવું તું અને કયાં જઈ ચડયા ?
જાવા નિકળ્યા હતા અમે ઉગમણી દિશાએ
આથમણે છેડે અંતે આવીને પડયા...ભૂલા.
મનના મિનારા અમે બાંધ્યા હતા આભઉંચા
સોનાના શિખરો તુટી રે પડયા......ભૂલા
હીરા માણેકને પ્રભુ ગણી પૂજ્યા
પથરાઓ થઈને એ તો પંથે નડયા...ભૂલા
જગદીશને જોવા કાજે, દસે દિશા આથડયા
આખરે જોયું ત્યારે ઘરમાં જડયા...ભૂલા.

○ ○ ○ ○

For Private And Personal

પ્રભુ આમ છોટા છોટા ના રહિયે,
કોક દિ તો ભકતોના થોડા થઈએ...પ્રભુ.
નયના દીધાં પણ દરશન ના દીધાં
ઉંચે રે ગગન ખોરડે, બેસણુા રે કીધાં
પણ સમજુને ઝાઝું શું કહીએ...પ્રભુ.
મનનું મંદિર મેં તો એવુ રે સજાયું
આંસુના ફૂલડાંનું બીછાનું બિછાવ્યું
હવે તનના તબુરો ઘુંટી ગાઈએ...પ્રભુ.

○ ○ ○ ○

એકવાર એકવાર પાર્શ્વપ્રભુજી૦ મારા મંદિરીયે આવોને
મારે મંદિરીયે આવો, મારા વ્હાલા
આવો મારા વ્હાલા કરૂ કાલા વ્હાલા
મારા આંગણીયા શોભાવો રે...એકવાર.
નાની શી ઝુંપડીને મન મારા મોટા (૨)
એમાં તમે પધારો રે...એકવાર
આત્માના ના પુષ્પથી તમને વધાવશું
એવો અમુલખ લ્હાવો રે...એકવાર.
માયાની મુડીમાં એક તારૂં નામ છે.
એક તારૂં નામ છે ભક્તિ મારૂં કામ છે
ભક્તિ મારી સ્વીકારજો રે...એકવાર.
જન્મ મરણના ફેરા ટાળો.
કર્મો ખપાવી મોક્ષગતિ આપો...એકવાર
એવાં ભાવના ભાવું રે...એકવાર.
પાર્શ્વ ભક્તિ મંડળ ભાવનાઓ ભાવે.
મોક્ષ સાગર પાર જાવું રે...એકવાર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



સવામણ સોનું ને અડધોમણ રૂપું
એનું મેં તો ઘડાવ્યું વીરનું પારણું રે
ઝુલો રે...ઝુલો રે, ઝુલો ઝુલો.
વીર મારા પારણીયામાં ઝુલો.
હાલો લો લો હાલ...હાલ હાલ.

ઈન્દ્ર ઈન્દ્રાણી આવે મેરૂ પર લઈ આવે
પ્રભુજીને...હેતે નવરાવે રે...ઝુલો રે......હાલ

મામા મામી આવેને મેવા મીઠાઈ લાવે
મામા મામી આવેને ઝભલાં ટોપી લાવે
પ્રભુજીને...હેતે રમાડે રે...ઝુલો રે.. ...હાલ

વીર મોટા થાશે' નિશાળે ભણવા જાશે
છોકરાંને...સુખડી વહેંચાશે રે. ઝુલો રે...હાલ

નંદિવર્ધન આવે ને રાણી રૂડી લાવે
પ્રભુને હેતે પરણાવે રે...ઝુલો રે...હાલ

પાર્શ્વભક્તિ મંડળ આવેને રૂડાં ગીતો ગાવે
પ્રભુજીને પ્રેમથી વધાવે રે...ઝુલો રે......હાલ

o o o o

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



સુઇજા, સુઇજા, ઓ મારા બાળ
ત્રિશલા ઝુલાવે ગીત ગાઇને રસાળ
ગીતમાંથી નિતરે છે અંતરનું વહાલ
ત્રિશલા ઝુલાવે ગીત ગાઇને રસાળ
મીઠાં મીઠાં હાલરડા ગાવું તારે કાજે
જાગવાનું ઘણું છે સુઇજા તું આજે
અવનવા ઉગશે આવતી રે કાલ.
ત્રિશલા ઝુલાવે ગીત ગાઈને રસાળ.
વ્હાલા વર્ધમાન તું થાજે રે મહાન
રાજાઓના રાજા તને દેશે ઘણુ માન
જોજે સારી દુનિયા તારા ગાશે ગુણગાન,
સાચા રે જ્ઞાનનું દે જે તુ દાન.
દીન દુઃખીયાની તું લે જે સંભાળ.
ત્રિશલા ઝુલાવે ગીત ગાઇને રસાળ
દુનિયામાં નામ તું અમર કરજે.
જિન શાસનની જયોતિ તું બનજે.
મેળવજે તું મુક્તિની માળ.
ત્રિશલા ઝુલાવે ગીત ગાઇને રસાળ.

○ ○ ○ ○

તારે આધારે અમે રહીએ...દુઃખડાં
કોને જઇ કહીએ (૨)
આધિ, ઉપાધીને વ્યાધિ સતાવે.
જો તો સુણે તો કરગરીએ...દુખડાં.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



ઓથ કે આશરો કોઈ નથી મારે.
કહેવાનું બધું તને કહીએ...દુઃખડાં.
કરૂણાના સાગર, કરૂણા તુ કરજે,
જેવો છું તેવો તું ગણજે....દુઃખડાં
મનડાની મુંઝવણ કોને જઈને કહીએ.
કયાં જઈ હૈયાં ઠાલવીએ...દુઃખડાં
તારી દયાની મીઠી નજરથી,
નિર્ભય થઇ જગમાં રહીએ...દુઃખડાં
દુઃખ ભર્યા દરિયામાં કોઇ નથી મારૂં
તુમ જેમ રાખે તેમ રહીએ...દુઃખડાં
સેવકના હૈયામાં, દાવાનળ સળગ્યો.
શાંતિ આપો વ્હાલા રહીએ...દુઃખડાં

o o o o

આ પથ્થર દિલને પારસ કરજે, પ્યારા પારસનાથ,
કથીરને તું કાંચન કરજે......પ્યારા પારસનાથ,
કામ ક્રોધ કાજળથી રંગી છે કાળી કાયા.
મોહ લોભને મદ-મત્સરથી લાગી છે મુજને માયા.
આતમને ઓજસથી ભરજે....પ્યારા પારસનાથ.
સુખ મેળવવા સારી જીંદગી, સળગતો સંસારે,
દિલનો દિપ બુઝાવી દઈ ને, ભટકતો અંધારે.
પ્રેમ પુણ્યનું તેજ તું ભરજે,...પ્યારા પારસનાથ,
બળતી આગે નાગ ઉગાર્યો, અંતર કરુણા આણી.
હું પણ એમ જ બળી રહ્યો છું, છાંટો પ્રેમનું પાણી.
જીવન મારું ઉજ્જવલ કરજે...પ્યારા પારસનાથ

o o o o

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



પથ્થરને પારસ કરનારા, કથીરને કંચન કરનારા
પ્યારા પારસનાથ (૨)
જીવનની જ્યોતિ ધરનારા. અંતરના તિમિર હરનારા
પ્યારા (૨)
પથ્થર જેવો પામર પ્રાણી, નહી ઘડતરને ઘાટ,
અંધારે અંધારે ભટકુ, પણ ના મળતી કોઈ વાટ,
ઘટઘટના જીવતરના ઘડનારા, અંતર શત્રુને હણનારા,
પ્યારા (૨)
ભડભડતી ઓલ્યા જોગીની આગમાં, નાગને બળતો દીઠો,
મુંગા રે જીવને મૃત્યુ ટાણે, મંત્ર સુણાવ્યો મીઠો,
ઝેર હરાહર જીરવનારા, નયણોની અમૃત
વરસાવનારા પ્યારા (૨)
હું છું અનાથ, મારે થાવું સનાથ, મને દેજો રે સાથ,
ઓ ત્રિભુવનના નાથ
ભવાટવિમાં ભૂલો પડયો છું, ઝાલજો મારો હાથ,
ભૂલ્યાને મારગ દેખાડનારા, ડુબેલાને ઉગારનારા,
પ્યારા પારસનાથ (૨)

○ ○ ○ ○

ઘર ઘર દિવડા પ્રગટાવો, મંગલ ગીતડા સૌ ગાઓ
આ તો આવ્યા રે (૨) અવસર આનંદના
રૂડા માંડવડા બંધાવો, બારણે તોરણિયા બંધાવો,
આ તો આવ્યા રે (૨) અવસર આનંદના,
સખી આજ અનુપમ દિવાળી
અમે લેશું અંતર અજવાળી

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



ધવલ ગીતડાં ગવડાવો. મંગલ વાજાં વગડાવો
આ તો આવ્યા રે (૨) અવસર આનંદના,

આવો આવો અતિથિ અમ આંગણીએ
અમે વાટલડી જોતાં બેઠાં બારણીએ,

સાથે સ્નેહીજનોને લાવો, અવસર ફરી નહિ મલે આવો,
આ તો આવ્યા રે (૨) અવસર આનંદના.

મારા મનના મનોરથ પૂર્ણ થયા,
મોંઘા ધર્મી જનોના પગલાં થયા,

નાના મોટા સહુએ આવો, પ્રેમે ગીત પ્રભુના ગાવો,
આ તો આવ્યા રે (૨) અવસર આનંદના.

○ ○ ○ ○

ધરતી સોરઠ દેશની, જુગ જુગના એંધાણ
ત્યાં છે આદીશ્વરના બેસણાં એના વિમલાચલ એવા નામ
ઉંચા ઉંચા દાદાના બેસણાં, ને વચમાં હિંગળા વાટ

આગમના દર્શન કરીને, ટાલો વસમી વાટ
આગમ જોતાં ગમ શશે ને, તલેટીએ થાશે જ્ઞાન
પગલે પગલે મહા મુનિવરો, પામ્યા કેવલ જ્ઞાન,

દાદા તારી દેરીએ, જયોતિ જલે દિનરાત
જયોતિમાં જયોતિ મિલાવો, પ્રભુ એ છે આખર વાત

○ ○ ○ ○

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



શેત્રુંજાના રાજા નાભિરાયાના બેટા,
માતા મરૂદેવીના નંદ...મારો હેલો સાંભળો રે,
હુકમ કરો તો દાદા જાત્રાએ આવું
ભવો ભવના કર્મ ખપાવી. મોક્ષપુરીમાં જાવું...મારો હેલો
ઉંચા ઉંચા ડુંગરા ને વસમી છે વાટ
કેમ કરીને આવું દાદા, પકડો મારો હાથ....મારો હેલો
નર ને નારી તારી જાત્રાએ આવે
ભવોભવના કર્મ ખપાવી, મોક્ષ પુરીમા જાવે....મારો હેલો
મારવાડી વાણીયો ને જાત્રાએ જાય
ધન બધું ભેગું કરીને, જમીનમાં દાટી જાય...મારો હેલો
આદીશ્વર દાદા, અદ્ભુત લિલા તારી
આ સેવકનો હાથ પકડી, લઇ લો તુમે ઉગારી...મારો હેલો
તળેટીએથી આવે ને આગળ દર્શન પાવે
ગૌતમ સ્વામીની મૂર્તિ દેખી બાજુ દેરાસર જાવે...
મારો હેલો

o o o o

પારસનાથ આધાર, મેરો પ્રભુ
પારસનાથ આધાર
આભવ પરભવ વાંછિતપુરો
શિવ પદકો દાતાર...મેરો પ્રભુ
વામારે જીકો નંદન નીરખી
તે પામ્યા ભવપાર...મેરો પ્રભુ
કહત શામળ દેવ આશા પૂરો મન તણી
સેવકને કરો સહાય....મેરો પ્રભુ

o o o o

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



પ્રભુ તારૂ ગીત મારે ગાવું છે...
ગાવું છે, ગવડાવવું છે...પ્રભુ
આવે જીવનમાં તડકાને છાયા
માગું પ્રભુ હું, તારી જ માયા
ભકિતના રસમાં નહાવું છે....પ્રભુ
ભવસાગરમાં નાવ ઝુકાવી,
ત્યાં અચાનક આંધી ચડી આવી
સામે કિનારે મારે જાવું છે...પ્રભુ
તું વીતરાગી હું અનુરાગી
તારા જીવતની પ્રીત મને લાગી
પ્રભુ મારે તારા જેવા થાવું છે...પ્રભુ

o o o o

મેં સિદ્ધાચલની ભક્તિ રચા, શીવ સુખ પાઉ રે
કર આદિનાથ કો વંદન...... ...કર્મ ખપાઉ રે
મેં કોયલ હી બન જાઉં, પ્રભુજી કે ગાને ગાઉં.
આદિનાથકો રીઝા રીઝા કર, જીવન સફલ બનાઉ રે. શીવ
મેં મોર જો બન જાઉ, પ્રભુજી કે આગે નૃત્ય રચાઉં
રાવણ કો તરહ તીર્થંકર પદકી, પુંજી એક કમાઉ રે. શીવ
સમતા કા દ્વાર બનાકે, તપકી દિવાર બનાઉ,
જહાં રાગ દ્વેષ ઘુસને નહીં પાવે, એસા મહલ બનાઉ. શીવ
ઈસ ગીરીકા એક એક કંકણ, હૈ હીરે સે મુલ બઢકર
કોઈ ચતુર ઝવેરી આનમીલે, તો સચા મોલ કરાઉ. શીવ
શૈત્રુંજય શત્રુ બિનાલી, આત્મા કી જ્યોતિ પ્રકાશી
મેં ભાવ ભક્તિ કે રંગમે, અપના જીવન વ્યક્ત રંગાઉ. શીવ
દિન પૂર્ણીમા કાર્તિક આકે, દિન ચૈત્ર પૂર્ણીમા આકે
તીર્થયાત્રાને હરસાલ જીવન સફલ બનાઉ. શીવ.

o o o o

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



હે શંખેશ્વર સ્વામી, પ્રભુ જગ અંતરયામી
તમને વંદન કરીએ (૨), શિવ સુખના સ્વામી
હે શંખેશ્વર સ્વામી.

મારો નિશ્ચય એકજ સ્વામી, બનું તમારો દાસ
તારા નામે ચાલે (૨) મારા શ્વાસોશ્વાસ હે,
દુઃખ સંકટને કાપો સ્વામી, વાંછિતને આપો.
પાપ હમારા હરજો (૨) શિવ સુખને દેજો હે.
નિશદિન હું માંગુ છું સ્વામી, તમ શરણે રહેવા
ધ્યાન તમારૂં ધ્યાવું (૨) સ્વીકારજો સેવા હે.
રાત દિવસ ઝંખું છું સ્વામી, તમને મળવાને
આતમ અનુભવ માગું (૨) ભવ દુઃખ ટળવાને હે.
કરુણાના સાગર છો સ્વામી, કૃપા તણા ભંડાર
ત્રિભુવનના છો નાયક (૨) જગના તારણહાર હે.

o o o o

સુખની છાયા કયાંય નથી, પણ માયા નથી મુકાતી. ૨
મૃગજળ જેવું સુખ છતાંયે, તૃષ્ણા નથી મુકાતી. ૨
ખારો છે સંસાર છતાંયે, એને ગણુ હું પ્યારો
ભવોભવ ભટકું ભવસાગરમાં, કયાંયે જડે ના કિનારો.
ભુલ ભરેલી ભ્રમણા છે, તો યે નથી ભુલાતી ૨
દ્વેષ ભર્યો છે આ દિલડામાં, રાગમાં હું અનુરાગી.
મારૂં તારૂં કરી વેર વધારું, વિસારૂ વિતરાગી,
રંગને રાગમાં ડુબી રહું પણ, આગ નથી બુઝાતી ૨
પાપ તણા પડછાયા પડે ત્યાં, પુણ્યની પાળો તુટે,
જાણી ને ઝકડાયો છું ત્યાં, બંધન કયાંથી છુટે.
સાજ એ સુરા વાગી રહ્યા છે, લાજ રહી લુંટાતી ૨

o o o o

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



માતા મરૂદેવીના લાડકડા, લાડકડા આદિનાથ રે
ઘણું જીવો રે પ્રભુ ઘણું જીવો,
એને યુગલા ધર્મ નિવાર્યો રે, એ તો સુનંદાનો ભરથાર રે
માતા અચિરાદેવીના લાડકડા, લાડકડા શાંતિનાથ રે
ઘણું જીવો રે પ્રભુ ઘણું જીવો.
એને પારેવાને ઉગાર્યો રે, એને આપ્યું જીવત દાન રે.
માતા શિવાદેવીના લાડકડા, લાડકડા નેમકુમાર રે
ઘણું જીવો રે પ્રભુ ઘણું જીવો
એને તોરણથી રથ ફેરવ્યો રે, એને તારી રાજુલ નાર રે.
માતા વામાદેવીના લાડકડા, લાડકડા પાર્શ્વકુમાર રે
ઘણુ જીવો રે પ્રભુ ઘણું જીવો એને બળતો નાગ ઉગાર્યો રે
એને ધરણેન્દ્ર બનાયો રે.....ઘણું જીવો
માતા ત્રિશલા દેવીના લાડકડા, લાડકડા વીરકુમાર રે
ઘણું જીવો રે પ્રભુ ઘણું જીવો
એને ચંદન બાળાને તારી રે એ તો શાસનનો રખેવાળ રે

o o o o

જોજે રે...જોજે રે તારી જીંદગી જવાની.
જીંદગી જવાની તારી, નથી રે રહેવાની.
જવાની જવાની તારી જીંદગી જવાની. જોજે રે
ચેત રે ચેતાવું, કાળ માથે ઉભો છે.
ભક્તિનું ભાથું બાંધ...છેલ્લો ફેરો છે.
પલ પલ જાય તારી લાખ સવાની...જોજે રે
દાવ રે મળ્યો છે, તને આજ રે મજાનો.
કરી લે વિચાર, અલ્યા એકલો જવાનો.
અંતે તો કાયા તારી, રાખ થવાની...જોજે રે

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



મોતના ભણકારા વાગે, તેની ખબર પડતી નથી.
મોત ક્યારે આવશે તેની ખબર પડતી નથી,
મોતને અટકાવવાની, જડી બુટ્ટી જડતી નથી...મોત.

માનવદેહ મોંઘો મલ્યો, લાખ લાખ ફેરા ફરી,
બાજી તારે હાથ છે, ભૂલને ભૂલતો નહિ,
જમડા આવશે જીવને લેવા તેની ખબર પડતી નથી...મોત.

કાળ અનંતો રખડી રખડી, હું અહિં આવીયો,
રંગરાગના તોફાનમાં ચકચુર હું બની ગયો...
પાપોનો મેં પાયો નાખ્યો, પૂન્યને વિસરી ગયો...મોત.

લાડીવાડી, ગાડી સૌએ બંગલા બંધાવીયા
સ્નેહના સંસારમાં વિતરાગને ભૂલી ગયા
મારૂં મારૂં કરી લે જીવડા, જગતમાં તારૂં કોઈ નથી...મોત.

કાળા ધોળા મેં બહું કરીને, લક્ષ્મી આ ભેગી કરી
ધર્મોના કાર્યો માટે, પાઈ પણ વાપરી નહીં.
મોત ક્યારે આવશે...તેની ખબર પડતી નથી....મોત.

o o o o

ધન વૈભવને કીર્તિ ગઈ, કર્યાં કુટુંબથી વેર
રંગરાગમાં છાઇ રહ્યા, તને જુવાનીના ઝેર
જેવી કરો તમે કરણી, એવી ભરો તમે ભરણી
હંસ રે....બે ઘડીની આ. માયા (૨)
હે પત્ર લખ્યો તો વાંચી જાણું
પણ કર્મો તે વાંચવા કેમ જાયે –હંસા રે



For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



ઘરનો દીવડો કોઇ ઘેર પ્રગટે, ઘરમાં અંધારૂ ઘોર
વિષય વાસનામાં લપટાયો, બન્યો પ્રભુનો દ્રોહ,
આ જુઠી છે દુનિયાદારી, એમાં પાપપુણ્યની બાજી,
હે ફાટયું તે તૂણી જાણું—
પણ કાળજી તે તુણ્યા કેમ જાય—હંસા રે

o o o o

હે મારે કરવી છે દિલડાની વાત,
ઓ હંસરાજા રહી જાઓ આજની રાત,
પહેલો વિસામો ઘરના ઉંબરીએ
બીજો રે વિસામો ઝાંપા બહાર
ત્રીજો વિસામો હંસા ગામને ગોંદરે
ચોથો વિસામો સ્મશાન .....હંસારાજા
ચાર જણા હંસાને ઉંચકીને ચાલ્યા
પાંચમો પાડે રે પોકાર
ગાડું ભરી સુકા લાકડા લીધા
કોરી હાંડલીમાં અંગાર..........હંસા રાજા
એક બીજા વિના ઘડી ન ચાલે,
તે પણ મુકે તારી આશ,
સગા રે સૌ તારા ભેગા મળીને
જમણ અંગુઠે મેલે આગ.........હંસ રાજા

મરનારની ચિતા પર ચાહનાર કોઇ ચડતું નથી.
કહે છે કે હું મરી જઇશ, પાછળથી કોઇ મરતું નથી.
બળતો જોઇ આ દેહને, આગમાં કોઇ પડતું નથી.
અરે આગમાં તો શું પડે, એની રાખને કોઇ અડતું નથી.

o o o o

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



કોઈ કોઈનું નથી રે, કોઈ કોઇનું નથી રે,
ધર્મ વિના જગમાં, તારૂં કોઇ નથી રે,

આ મારો દીકરો. આ તારો બાપ છે.
આ તારી ઘરવાળી, આ તારી મા છે.
સ્વાર્થ વિના જગમાં, તારૂં કોઇ નથી રે. કોઇ.

ક્યારે આવ્યા ને, ક્યારે જવાના.
ન કોઈ રહ્યા ને ના કોઈ રહેવાના,
ગયા પછી કોઇના સમાચાર નથી રે...કોઇ.

મનમાં માન્યા હતા કે આ બધા છે મારા
જાણી લે જીવડા, નથી કોઈ તારા
સ્વાર્થ વિના પ્રીત કોઈ કરતું નથી રે...કોઇ

જનમ્યા એટલાં જરૂર જવાના,
કાયમ નથી, કોઇ અહીં રહેવાના
જે ગયા તેના કોઈ સમાચાર નથી રે...કોઇ.

માટે હે જીવડા જરા ચેતીને ચાલજે.
પુણ્યનું ભાથું ભરી જે રાખજે.
અરિહંત વિના બીજુ કોઈ શરણ નથી રે...કોઈ.

o o o o

વાગે ના ઠોકર આંખો ઉઘાડો
ઊંઘે જો આતમ–એને જગાડો
જીવનનો મારગ જોખમ ભરેલો ....
જોઇ વિચારી. પગને ઉપાડો...વાગે ના

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



યૌવનનો રસ્તો, રેતી સુંવાળી
પોચી મજાની લાગે હુંફાળી
જોજો ના પડશો, પગને સંભાળો
મનના વિકારો, મનમાં મિટાવો...વાગે ના
યે બુદ્ધિને તારા ઝાઝા છે ફાટા
ઠેકા છે કોઈમાં, કોઈમાં છે કાંટા
છોડીના દેશો શ્રદ્ધાની કેડી
શંકા કુસંકા, મનમાંથી કાઢો...વાગે ના
લક્ષ્મીના પંથે, દારૂની પ્યાલી
હોઠે અડાડી તો પાયમાલી
નશો ના આવે નાણુંની સાથે
એવી સુબુદ્ધિ, દિલને સુઝાડો...વાગે ના.

o o o o

ભાવું તારી ભાવના.......

હે જીનરાજ, તારી કરવી આરાધના

તુટયો ફુટયો તંબુરો લઈને, તવ મંદિરે આવું (૨)
તાલ સુરની સમજ પડેના, તો યે ભાવથી ગાવું (૨)
જીવનની સંગીતની કરવી છે સાધના.........ભાવું.
અગણિત તારા ગુણની ગરવી, કરવી મારે કવિતા (૨)
નિત્ય નિરંતર ઘટ ઘટ વહેતી, તારી સ્નેહ સરિતા (૨)
કરૂં છું સદાયે, તારી કરૂણાની કામનાં.........ભાવું.
જીવન ઉજ્જવલ કરવા કાજે, ઝંખું પ્રેરાય જ્યોતિ (૨)
જુગ જુગથી આ આતમ મારો, તને રહ્યો છે ગોતિ (૨)
સ્વીકારજે તું મારી અધુરી ઉપાસના.........ભાવું

o o o o

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



ભક્તિમાં ભીંજાણા પ્રભુજી અમે ભક્તિમાં ભીંજાણા
આધિ ને વ્યાધિ બધી થઈ ગઈ આઘી
એ...જ્યારે કિર્તન રંગમાં રંગાણા...પ્રભુજી અમે

બસુરા કામ બધા મેલ્યા રે વેગળા
એ...જ્યારે તંબુરાના સુર સંભળાણા......પ્રભુજી...

મનના માંકડા આવ્યા અંકુશમાં
એ...જ્યારે મંજીરાના નાદ સંભળાણા......પ્રભુજી...

ચિંતાના ઘોડલા, ભાગ્યા ભડકતાં,
એ...જ્યારે તબલાના બોલ સંભળાણા......પ્રભુજી...

શાંતિના સાગરે દીધી રે ડુબકી.
એ...જ્યારે મીઠા ભજન સંભળાણા......પ્રભુજી....

હૈયાના હોડલા માંડયા હિલોળવા
એ...જ્યારે ભાવોનાં નીર ઉભરાણા......પ્રભુજી...
કર્મોના પોપડા માંડયા ઉખડવા

એ...જ્યારે મસ્તીના પુર છલકાણા......પ્રભુજી...
એ ગાન તમારા ગાતા ગાતા અમે સમયનું ભાન ભૂલ્યા
એ ખાવું ભૂલ્યા, પીવું ભૂલ્યા. ઊંઘ અને આરામ ભૂલ્યા
એ રાગ ભૂલ્યા, ને દ્વેષ ભૂલ્યાં, વળી પાપ તણો વ્યાપાર ભૂલ્યા
એવા એકાકાર બન્યા કે આળગેલો સંસાર ભૂલ્યા

o o o o

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



વ્હાલમની વેણું વગાડી, પ્રભુ વીરે. વ્હાલમની વેણું વગાડી ૨
જુગ જુગની નીંદરૂ ઉડાડી પ્રભુ વીરે વ્હાલમની વેણુ વગાડી ૨

અવળે મારગડે જાતા હતા તે
જોગી ભોગીને કીધા ભેળા

નોંખા થયેલા માનવીના, મનડાની કીધા મેળા
ભવ ભવની ભીતી ભગાડી, પ્રભુ વીરે વ્હાલમની વેણું.

રોતા કકળતા, દુખીયારી લોકના
એણું આંસુ લોચ્યા.
પતીતને પણ પાવન કરીને,
પાપીના પાપ સહુ ધોયા.
આતમની જ્યોતિ જગાડી, પ્રભુ વીરે વ્હાલમની, વેણું.

ભડભડતી હિંસાની હોળીની આગમાં,
છાંટયું અહિંસાનું પાણી
ઝેરનું મારણ કીધું તે પ્રેમથી.
દીધી અમૃતની ઉજાણું
મુક્તિની લગની લગાડી, વ્હાલમની વેણું વગાડી વીરે (૨)

o o o o

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



ઓ પ્રભુ તારા ચરણ કમળમાં
આ જીવન કુરબાન છે.
જયાં લઈ જાય ત્યાં જાવું મારે,
તારામાં વિશ્વાસ છે, ઓ પ્રભુ.
લોક કહે ના આગળ વધતો
સાગરમાં તોફાન છે.
પણ તું મુજને સાચવનારો,
જગનો તારણહાર છે. ઓ પ્રભુ.
આંધી આવે, ભરતી આવે,
મારૂ તુજમાં ધ્યાન છે.
મારા મનનો એક જ સ્વામી.
તારા ભજનમાં તાન છે. ઓ પ્રભુ.
તારી મંઝીલ દુર છે કેટલી
તેનું ના મુજને ભાન છે.
સંસાર સાગર પાર કરીએ
એ દિલમાં અરમાન છે...ઓ પ્રભુ.

o o o o

ભક્તિ કરતાં છુટે મારા પ્રાણ પ્રભુ એવું હું માંગુ છું.
રહે જન્મોજન્મ તારો સાથ પ્રભુ એવું હું માગુ છું
તારુ મુખડુ મનોહર જોયા કરૂં
રાત દિવસ તારૂ રટણ કર્યા કરું
શ્વાસોશ્વાસ રહે તારે નામ....પ્રભુ એવું હું માગુ છું
મારી આશા નિરાશા કરશો નહિ.
મારા અવગુણ હૈયામાં ધરશો નહિ.

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



અંત સમયે રહે તારૂં ધ્યાન...પ્રભુ એવું
તારી ભક્તિનો રંગ મને લાગી ગયો.
ભય જન્મોજન્મનો ભાંગી ગયો.
દોડી આવું તારે દ્વાર.........પ્રભુ એવું.
મારા પાપને તું સંભાળી લેજે
આ બાળકને તારૂં બનાવી દેજે.
દેજો દર્શન આશિર્વાદ.....પ્રભુ .. એવું
દર્શન જ્ઞાન ચારિત્ર પ્રભુ મુજને મળે,
એવી આશા ધરૂં પ્રભુ આપ કને.
આપો શિવપુરમાં સંગાથ ....પ્રભુ એવું.

o o o o

આજનો લ્હાવો લીજીયે રે, કાલ કોને દીઠી છે.
અવસરિયા વહી જાય છે રે, ,,
આયખું ઓછું થાય છે રે, ,,
ચેતવું હોય તો ચેતજો રે ,,
કાલની વાત આજ કીજીએ રે, ,,
દેવગુરુ ધર્મ પિછાંનીયે રે, ,,
સંઘપતિ થઈ ને આવજો રે, ,,
અમને વહેલું વહેલું કહાવજો રે ,,
અહીં નિતનિત ભાવનાઓ થાય રે ,,
નિતનિત સ્તોત્ર પૂજા થાયે રે ,,

o o o o

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



કંકુ છાંટી કંકોતરી મોકલી, માંહે લખીયા શુભ સંદેશ
ભાવનામાં વહેલા આવજો

સાથે કુટુંબ પરિવાર લાવજો ,,
અહીં નવી નવી આંગીઓ રચાય ,,
અહીં આનંદ મંગલ વરતાય ,,
નાણાવટી રે સાજન બેઠું ભાવનામાં
જેવાં વીંટીમાંના હીરા એવા
જૈન શાસનના વીરા ભાવનામાં....

○ ○ ○ ○

તમને કયા પ્રભુજી ગમશે રાજ જય બોલો જિનશાસનની
અમને આદીનાથ પ્રભુજી ગમશે રાજ...જય
એ તો શત્રુંજયના રાજા રાજ જય
એમણે યુગલા ધર્મ નિવાર્યો રાજ જય
એમણે ઈક્ષ્વાકુ વંશ સ્થાપ્યો રાજ જય
તમને કયા પ્રભુજી ગમશે રાજ...જય બોલો જિનશાસનની
અમને શાંતિનાથ પ્રભુજી ગમશે રાજ.... જય
એમણે પારેવાને ઉગાર્યો રાજ... જય
એમણે આપ્યું જીવત દાન રાજ જય
તમને કયા પ્રભુજી ગમશે રાજ...જય બોલો જિનશાસનની
અમને નેમનાથ પ્રભુજી ગમશે રાજ ...જય
એ તો બાલબ્રહ્મચારી કહેવાય રાજ ...જય
એમણે રાજુલ નારને તારી રાજ ....જય
એ તો ગીરનારના વાસી કહેવાયા રાજ...જય
તમને કયા પ્રભુજી ગમશે રાજ...જય બોલો જિનશાસનની

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



અમને પાર્શ્વનાથ પ્રભુજી ગમશે રાજ...જય
એમને બળતો નાગ ઊગાર્યો રાજ ....જય
એને નવસર મંત્ર સુણાવ્યો રાજ ...જય
એ તો દયાના સાગર કહેવાયા રાજ ...જય
તમને કયા પ્રભુજી ગમશે રાજ...જય બોલો જિનશાસનની
અમને મહાવીર પ્રભુજી ગમશે રાજ ...જય
એમને સંઘ ચતુર્વિધ સ્થાપ્યો રાજ ...જય
એમને ચંદન બાળાને તારી રાજ ...જય
એમને ચંડ કૌશિકને તાર્યો રાજ ....જય
અમને ચોવીસે જિનરાજ ગમશે રાજ....જય જિનશાસનની

o o o o

ખમ્મા રે ખમ્મા મારા, વીરજીને ખમ્મા,
ઘણી ઘણી ખમ્મા મારા વીરજીને ખમ્મા,
ત્રિશલા કુખે વીરજી જનમીયા જી હો...ખમ્મા
પહેલો તે પરચો ઇન્દ્ર મહારાજાને દીધો,
અંગુઠાથી મેરૂ કંપાવીયો જી હો...ખમ્મા
બીજો રે પરચો દેવ મિથ્યાત્વીને દીધો,
મુઠી મારી માન હણાવીઓ જી હો......ખમ્મા
ત્રીજો રે પરચો ચંદન બાળાજીને દીધો,
અડદના બાકુળા વહોરાવ્યા જી હો......ખમ્મા
ચોથો રે પરચો ઇન્દ્ર ભૂતિજીને દીધો,
આત્માનો ભેદ બતાવીઓ જી હો......ખમ્મા
પાંચમો રે પરચો, ચંડ કોશિયા ને દીધો,
બુજજ બુજજ કરી ઉગારી ઓ જી હો...ખમ્મા
એવો એક પરચો દાદા અમને રે દેજો,
ભવ જલ પાર ઉતારીએ જી હો......ખમ્મા

o o o o

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



પ્રભુ નામ બોલો, સમય વહી જાય છે,
સમય વહી જાય છે, તને એ ના સમજાય છે...પ્રભુ.
ચાલો પાલીતાણા, જાત્રાનું મોટું ધામ છે.
આદીશ્વર દાદા ભકતોના એક બેલી છે,
પ્રભુને ભેટીએ તો, દુઃખ ટળી જાય છે...પ્રભુ
આવ્યો ખાલી હાથે, જવાનું ખાલી હાથ છે,
મોંઘેરૂ આ જીવન, વાતમાં વહી જાય છે...પ્રભુ.
રાત દિવસ જાય છે, આયુષ્ય ટુંકુ થાય છે,
અણમોલો આ અવસર, તારા હાથમાંથી જાય...પ્રભુ.
સેવક ગુણ ગાય છે, મનમાં રાજી થાય છે,
પ્રભુને ભજીલો, જીંદગી બીતી જાય છે...પ્રભુ.

o o o o

રંગે રમે, આનંદે રમે, આજ દેવ દેવીઓ રંગે રમે,
પ્રભુને દેખી મોટા ભૂપ નમે ....આજ
પ્રભુજી પાયે સોનીડા રે આવે
મુગટ ચડાવીને પ્રભુ પાયે નમે...આજ
પ્રભુજીને પાયે માળીડા રે આવે
હાર ચડાવી પ્રભુ પાયે પડે...આજ
રંગ લાગ્યો રંગ લાગ્યો રંગ લાગ્યો રે
પ્રભુ તમારી ભક્તિ કેરો...રંગ લાગ્યો રે
અમને લાગ્યો તમને લાગ્યો સૌને લાગ્યો રે
વીર તારી વાણી કેરો...રંગ લાગ્યો રે.

o o o o

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



ટુંકું ટચુકડું નામ, આદિનાથ જય જય બોલો.
નામ છે નાનુંને, મહિમા છે મોટો...ટુંકું.......
આનંદ આનંદ આજ, આદિનાથ જય જય બોલો.

o o o o

આ વાવણીની વેળા છે. વાવી લો
આ રંગ રાગમાં લગાવી દો
આ રંગ રાગમાં જમાવી દો
હે કર્મ બધા ખપાવી લો...આ વાવણી.
હૈયે ધર્મ વસાવી લો
જીવન ધન્ય બનાવી લો......
હે કર્મ બધા ખપાવી લો...આ વાવણી.

o o o o

વાગે છે વાગે છે દેરાસર વાજાં વાગે છે.
જેના શબ્દ ગગનમાં ગાજે છે...દેરાસર
ઝીણી ઝીણી ઘૂઘરીઓ ઘમકે છે,
ઇન્દ્રાણીના પાયલ ઝમકે છે.. દેરાસર
પ્રભુ સમવસરણમાં બિરાજે છે.
જેને ચોત્રીશ અતિશય છાજે છે.
ગુણ પાંત્રીસ વાણી એ ગાજે છે...દેરાસર
પ્રભુ જન્મ અતિશય ચાર છે.
ઘાતિ કર્મ ગયે અગિયાર છે.
વળી દેવે કર્યા ઓગણીસ હે...દેરાસર

o o o o

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



મારી આજની ઘડી છે રળિયામણી
હાં રે મને વહાલો માન્યાની વધામણાં જીરે...મારી

હાંરે હું તો ધ્યાન ધરું છુ પ્રભુ તાહરૂં
હાંરે મારા અંતરમાં થયું અજવાળું જીરે....મારી

હાંરે મે તો મોતીના સાથીયા પુરાવીયા,
હાંરે મેં તો પ્રેમે પ્રભુજીને વધાવીયા જીરે....મારી.

હાંરે તારી ભક્તિ કરવાને કાજ આવીયો.
હાંરે તારા દર્શન કરવાને આજ આવીયા જીરે મારી.

o o o o

ભલું થયુ ને જિનગુણ ગાયા
રસનાનો રસ પીધો રે...ભલું

રાવણ રાયે નાટક કીધું
અષ્ટાપદ ગિરિ ઉપર રે....ભલું

જોઈ જોઈ નાચ કરે મારા વાલા
તીર્થંકર પદ બાંધ્યું રે...ભલું

થાળ ભરી ભરી મોતીડે વધાવો
પ્રભુજીને ફુલડે વધાવો રે...ભલું

સ્નાત્ર પૂજા જે ભણે-ભણાવે
સકળ મનોરથ સિધ્યા રે
તસ ઘર મંગળ હોજો રે..ભલું

o o o o

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



રયણે વધાવો રે, મોતીડે વધાવો રે.
અક્ષતે વધાવો, સોનારૂપે વધાવો રે.
ફુલડે વધાવો, નાણાં રૂપે વધાવો રે.
આજ પાર્શ્વનાથ ભગવંતને રે.

ભરતરાય વધાવે રે, રયણયશા વધાવે રે,
ચન્દ્રયશા વધાવે રે, કુમારપાલ વધાવે રે
શ્રી દેવકીનંદન સંઘ વધાવે આજ.
શ્રી પાર્શ્વનાથ ભગવાનને રે.

o o o o

આજ મારા દેરાસરમાં, મોતીડે મેહ વરસ્યા રે
મુખડું દેખી પ્રભુજી તમારૂ, હૈડા સૌના હરખ્યા રે...આજ

ઝગમગ ઝગમગ જ્યોતિ ઝળકે, વરશે અમીરસ ધારા રે
રૂપ અનુપમ નીરખી વિકસે, અંતરભાવ અમારા રે...આજ

વીર પ્રભુની માયામાંથી, ભક્તિ કેરા રંગ જમાયા રે
ચરણકમળની સેવા પામી, ભકતે પ્રભુ ગુણ ગાયા રે...આજ

ભવ અનંતનો બંધ જ તુટયો, ભ્રમણા ભાંગી ગઈ રે
વિજય વર્યો શિવપુરને પંથે. મતલબ પુરી થઈ રે....આજ

o o o o

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



હે કીરતાર મને આધાર તારો
જો જે ના તૂટી જાય,
હે પ્રભુ તારા પ્રેમનો ખજાનો
જો જે ના ખૂટી જાય,

તારો વિશ્વાસ મને આ અવનિમાં
આપે પ્રકાશ જ્યોત એ રજનિમાં
ખુટાથી વાળી છે ગાંઠો મેં સ્નેહની
જો જે ના છૂટી જાય,

શકિત પ્રમાણે ભકિત કરૂં છું.
આ જીવન તુજ ચરણે ધરૂં છું.
પ્રેમનો પ્યાલો પીવા જઉં ત્યાં
જો જે ના ફૂટી જાય.

ગાઇ રહ્યો છું ગીત તુજ પ્રીતના
સ્નેહથી ભરેલાં સૂરો સંગીતના
લાખના હીરાને હાથમાંથી કોઈ
જો જે ના લૂંટી જાય.

o o o o

કોણ છે મારૂં ને કોણ છે તારૂં
નાહક કરતો મારૂં મારૂં
જાણી લે જીવડા કોઇ ન તારૂં.
આંખ મીંચાતા થાશે અંધારૂં-કોણ-

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



ગમે ના કોઈને કોઈનું સારૂં,
સારા પણ બન્યા આજ લૂંટારૂં.
કાચી કાયાને ઠઠારૂં મઠારૂં,
નામને કામનું પીટું નગારૂં–કોણ–
મુખે મીઠું ને અંતર ન્યારૂં,
સાચું કહીએ તો લાગે ખારૂં,
પૈસા કાજ પ્રભુને વિસારૂં,
કોડી ખાતર જીવન હારૂં–કોણ–
કાજ ન કર્યાં એકે સુચારૂ,
છટકી જવા વળી રાખું બારૂં,
જૈન શાસન ગાવે તારૂં......
તારા તો સાચા પ્રભુજી સાચા–કોણ–

o o o o

હે ત્રિશલાના જાયા, માગું તારી માયા
ઘેરી વળ્યા છે મુજને મારા, પાપોના પડછાયા...હે

બાકુળાના ભોજન લઇને, ચંદનબાળા તારી...(૨)
ચંડ કૌશીકના ઝેર ઉતારી, એને લીધો ઉગારી (૨)
રોહિણી જેવા ચોર લૂંટારા (૨) તુજ પંથે પલટાયા...રે

જુદા થઇને પુત્રી જમાઇ, કેવો વિરોધ કરતાં (૨)
ગાળો દે ગોશાળો તોયે, દિલમાં સમતા ધરતા (૨)
ઝેરના ઘુંટડા ગળી જઇને (૨) પ્રેમના અમૃત પાયા ..હે

o o o o

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



જૈન બંધુઓ જૈન ધર્મીઓ ગાઈ રહ્યા વિધવિધ ગાથા.
જયજય જયજય જયજય ગિરનાર, જય ગરવી ગિરનારની
જય ગિરનાર...જય આબુજી....જય બોલો તળાજા તીર્થની
જૈનો માટે લખશે મુનિઓ, વિધવિધ ગાથા જ્ઞાનની...જય
મહાવીર ગૌતમ અને નેમના, ત્યાગી ભાવના ભૂલાય નહિં,
જન બંધુઓ તેને કહિયે, નવકાર મંત્ર ભૂલાય નહિં,
જય મલ્લિનાથ...જય ભોયણી, જય બોલો,
પાનસર મહાવીરની...જય

વસે તારંગા અજિતનાથને, પાટણ ગામે પંચાસરા,
ઝઘડિયામાં આદિનાથને, પાર્શ્વ પધાર્યા શંખેશ્વરા,
જય કેશરીયાજી...જય ઉપરીયાળાજી,
જય બોલો ભદ્રેશ્વર તીર્થની,—જય

વસ્તુપાળ ને તેજપાલનાં, ભવ્ય જિનાલય દેલવાડા,
જોતાં થાકે આખું વિશ્વના, યાદ એની ભૂલાય નહિ,
જય પદ્માવતી...જય ચક્રેશ્વરી...જય બોલો,
મરુદેવા માતની જય

○ ○ ○ ○



For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



પ્રભુ રાખજે ઉઘાડા દ્વાર,
તારાં બાળકડાંને કાજે...પ્રભુ.

કોઈ પ્રભુ પ્રભુ કરતો આવે,
કોઈ પાર્શ્વની ધૂન મચાવે,
કરૂણા કરજે કીરતાર...તારા.

કોઈ ભાવે પુષ્પે પૂજે,
કોઈ પ્રેમદીપક પ્રગટાવે,
રક્ષા કરજે તારણહાર.. તારા.

કોઈ ટળવળતાં દુઃખ માટે,
કોઈ રોતાં હૈયા—ફાટે
તુમથી કેમ જોઈ શકાય...તારા

પ્રભુ પારસનાથ અમારા,
અમને પ્રાણ થકી છો પ્યારા,
મોક્ષ મારગના દેનારા...તારા.

○ ○ ○ ○

મેં તો તારું નામ લઈને, નાવ મૂકી મઝધાર,
તારનારો તું બેઠો છે, પછી ફીકર શી તલભાર,
છો ને ભયંકર આંધી આવે,
છો ને તુફાન સતાવે,
છો ને ભીષણ વાદળનાં દળ
ગાજી ગાજી ગભરાવે,
ઘોર અંધારાં આભમાં છો ને વીજ કરે ચમકારા

For Private And Personal

મસ્ત બની છો ને ઉછળે મોજાં
છો ને આ સઢ છૂટે,
છો ને ભયાયક થાય કડાકા,
નાવ ભલેને તુટે તુટે
હૈયા ધારણ એટલી છે કે તારો છે આધાર.
તારનારો તું બેઠો છે પછી ફીકર શી તવભાર...

○ ○ ○ ○

મંગલકારી પાવનધામ
તારૂં મંદિર હે ભગવાન
પાપોનું છે પૂર્ણ વિરામ....મંગલકારી
રખડી રઝળી જે કોઇ આવે
ભાવ ધરી જો શીશ નમાવે
આપે છે એને આરામ......તારૂં મંદિર
કૃત્ય કરેલાં જે ન છૂપાવે
રડતાં હૈયે જો બતલાવે
કાપે એનાં કર્મ તમામ....તારૂં મંદિર.
મનમાંથી જે મદને ત્યાગે
નમ્ર બની જો શરણું માગે.
આપે તુજ ચરણોમાં સ્થાન...તારૂં મંદિર
જગને ભૂલી જે જીવ આવે.
મસ્ત બની જો તુજને ધ્યાવે.
આપે એને અક્ષયધામ...તારૂં મંદિર

○ ○ ○ ○

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



મારા નાથની વધાઈ બાજે છે.
શરણાઈ સુર નોબત બાજે,
ઓ ધનનનન ગાજે છ...મારા
ઈન્દ્રાણી મીલ મંગળ ગાવે,
મોતીયન ચોક પુરાવે છે..મારા
સેવક પ્રભુજીસે અરજ કરત હૈ
ચરણોકી સેવા પ્યારી લાગે છે,
મારા નાથની વધાઈ બાજે છે.

o o o o

કેવો ઘડાશે મારો ઘાટ,
બોલોને પ્રભુ કેવો ઘડાશે મારો ઘાટ,
થાય અત્યારથી ઉચાટ...બોલોને
પાપ કરવામાં મેં તો પાછું વાળી ના જોયું (૨)
માનવ કેરૂં મોંઘું જીવન, મેં એળે ખોયું, (૨)
સાચા જુઠાનો વાંચ્યો હાટ...બોલોને પ્રભુ.
નારકી તિર્યંચ દેવ ગતિમાં મારે...(૨)
નથી જાવું પ્રભુજી સાંભળો અત્યારે...(૨)
કાઢવો છે કર્મોનો કાટ...બોલોને
આર્ય ક્ષેત્રને જૈન ધર્મમાં જન્મ માંગુ (૨)
એટલું દેજો પ્રભુ તમારે પાય લાગું (૨)
ભવોભવ તમારો હવે સાથ...બોલો
સદ્ગતિ મેળવવા સત્કર્મો નથી કર્યા...(૨)
ભવભીરૂ બની ભવફેરાથી, નથી કર્યા...(૨)
કેવા લેખ લખ્યા છે લલાટે....બોલો

o o o o

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



હે શંખેશ્વરનાં સ્વામી, મારા હૈયે કરજો વાસ
કેમ વિચારૂ વામાનંદન; જ્યાં લગી શ્વાસોશ્વાસ...હે
શ્વાસે શ્વાસે સમરૂં દાદા, જીવનનાં આધાર,
રોમે રોમે તારા નામનો, વાગી રહે રણકાર
આ અંતરનાં વાજીંતરમાં એક જ છે રણકાર...હે

ભાવ થકી હું ભકિત કરૂં છું જો જે હે ભગવાન
હે ગુણવંતા ગાઇ રહ્યો છું. તારા સદાયે ગુણગાન
ઉગારજે ભવ સાગરમાંથી, એટલી રાખુ આશ...હે

આજે આવ્યો તારા ચરણે, ભકિત કરવા કાજ,
ભકિત કરી હું મુકત બનું ને, ભવજળ કરજે પાર,
ભકિત હૃદયમાં લાવ્યો દાદા, પૂરજો નારી આશ...હે

○ ○ ○ ○

એક જ અરમાન છે મને મારૂં જીવન સુગંધી બને. એકજ
ફુલડું બનું કે ભલે ધુપસળી થાઉ,
આશા છે સામગ્રી પૂજાની થાઉં,
ભલે કાયા આ રાખ થઇ શમે...મારૂં

તડકા છાયા કે વા વર્ષાના વાયા
તોયે કુસુમો કદી ના કરમાયા.
તાપ ખીલતા ખીલતા એ અમે...મારૂં

જગની ખારાશ બધી ઉરમાં સમાવે,
તોયે સાગર મીઠી વર્ષા વરસાવે
સદા ભરતી ને ઓટમાં રમે...મારૂં

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



વાતાવરણમાં સુંગંધ ના સમાતી
જેમ જેમ સુખડ ઓરસિયે ઘસાતી
પ્રભુ કાજે ઘસાવું ગમે....મારૂં

ગૌરવ મહાન છે પ્રભુ કાર્ય કેરું,
ના જગમાં કામ કોઈ એથી રાહ કેરૂ
પાર્શ્વ મંડળ પ્રભુને નમે...મારૂં

○ ○ ○ ○

આંખડી મારી પ્રભુ હરખાય છે.
જયાં તમારા મુખનાં દર્શન થાય છે
પગ અધીરા દોડતા દહેરાસરે
ઘેર પહોંચું ત્યાં અજંપો થાય છે...જયાં
દેવનું વિમાન જાણે ઉતર્યું
એવું મંદિર આપનું સોહાય છે...જયાં
મુખડું શોભે છે, પૂનમના ચંદ્રમાં
તેજ તેણું ચાદર ફેલાય છે...જયાં
પ્રભુ તમારા રૂપને નીરખ્યા કરૂં,
ભાવના એવી હૃદયમાં થાય છે...જયાં

○ ○ ○ ○

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



ઓ પ્રભુ તારા ચરણ કમલમાં,
આ જીવન કુરબાન છે.
જયાં લઈ જા ત્યાં જાવું મારે,
તું મારૂં નિશાન છે...
લોક કહે ના આગળ વધતો,
સાગરમાં તોફાન છે...
પણ મુજને તું સાચવનારો,
જગનો તારણહાર છે...
આંધી આવે ભરતી આવે,
મારૂં તુજમાં ધ્યાન છે...
મારા મનનો એકજ સ્વામી,
તારા ભજનમાં તાન છે. (૨)
તારી મંજીલ દૂર છે, કેટલી, તેનું મને ભાન છે.
સાગર સાગર પાર કરીએ, એ દિલમાં અરમાન છે.

o o o o

પ્રભુ તારી પ્રીત મારે મનડે બંધાણી
મનડે બંધાણી મારા તનડે ગુંથાણી
જીવન નૈયા સોંપી છે તમને
હે પ્રભુ પાર ઉતારો મુજને...પ્રભુ
મોહ માયાના વાયરા વિંઝાતા
મધ દરિયે મારી નાવ અટવાણી...પ્રભુ
હૃદયમાંહી છે. પ્રતિમા તમારી
ઉરમાં ધરજો ભકિત અમારી...પ્રભુ
પાર્શ્વ મંડળ તારા ગુણ ગાવે
પ્રેમથી તારી ભાવના ભાવે...પ્રભુ

o o o o

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir



શ્રી પાર્શ્વભક્તિ મંડળના દરેક સભ્યો મૈત્રી આદિ ભાવથી તન્મય રહી પરસ્પર સહકાર મેળવી શ્રી જિન ભક્તિમાં મગ્ન બની રહ્યા છીએ.... અમારૂં આ મંડળ શ્રી સ્નાત્રપૂજા, શ્રીપંચ કલ્યાણક પૂજા, શ્રી અંતરાય કર્મ નિવારણ પૂજા ભાવના આદિ પ્રસંગો ખૂબ સુંદર રીતે ઉજવે છે. તથા સાધર્મિક ભક્તિ માટે અન્નદાન, કપડાં વિ. નું દાન કરતા રહ્યા છીએ, સં. ૨૦૪૫ના ચાતુર્માસમાં પૂ. મુનિરાજ શ્રી રત્નપ્રભ વિ.મ.ની પ્રેરણાથી શ્રીસંઘ તરફથી અનુકંપાદાનમાં ૧૪૦૦ કીલો લાડુ ગરીબોને વહેંચવાનું કાર્ય સુંદર કર્યું હતું. સવારે ઉપાશ્રયમાં મંડળના સભ્યો સૌ ખુબ સુંદર રીતે સામાયિક, પ્રતિક્રમણાદિક્રિયા કરે છે.

અમો શ્રી મંડળ અનાથ સાધર્મિક તથા ગરીબ જનોને રોટી મળી રહે તેવા ઉદ્દેશથી એક સોશીયલ ગ્રુપ કરવા ઇચ્છીએ છીએ. પૂજા આદિ શુભ પ્રસંગોમાં સંપર્ક સાધો.

ટે. નં. ઘર ૪૯૨૩૭૫

દુકાન ૩૮૪૯૫૦

| | |
|---|---|
| શ્રી પાર્શ્વભક્તિ મંડળ, | શાહ ભરતકુમાર ખોડીદાસ |
| C/o હિંમતલાલ પી. શાહ વકીલ | ૧ દેવછાયા સોસાયટી |
| ૩૭ પ્રોફેસર્સ કોલોની | અર્પણ સોસાયટીની સામે |
| વિજય રેસ્ટોરન્ટની બાજુમાં | પલીયડનગર પાસે |
| નવરંગપુરા અમદાવાદ-૯ | નારાયણપુરા અમદાવાદ-૧૩ |

For Private And Personal

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailashsagarsuri Gyanmandir

હે પ્રભુ,
સંજોગો વિકટ હોય ત્યારે,
સુંદર રીતે કેમ જીવવું તે મને શીખવ.

બધી બાબતો અવળી પડતી હોય ત્યારે,
હાસ્ય અને આનંદ કેમ ન ગુમાવવાં તે મને શીખવ.

પરિસ્થિતિ ગુસ્સો પ્રેરે તેવી હોય ત્યારે,
શાંતિ કેમ રાખવી તે મને શીખવ.

કામ અતિશય મુશ્કેલ લાગતું હોય ત્યારે,
ખંતથી તેમાં લાગ્યા કેમ રહેવું તે મને શીખવ.

કઠોર ટીકા ને નિંદાનો વરસાદ વરસે ત્યારે, તેમાંથી
મારા ખપનું ગ્રહણ કેમ કરી લેવું તે મને શીખવ.

પ્રલોભનો. પ્રશંસા, ખુશામતની વચ્ચે
તટસ્થ કેમ રહેવું તે મને શીખવ.

ચારે બાજુથી મુશ્કેલીઓ ઘેરી વળે,
શ્રદ્ધા ડગુમગુ થઈ જાય
નિશાની ગર્તામાં મન ડૂબી જાય ત્યારે,
ધૈર્ય અને શાંતિથી તારી કૃપાની પ્રતિક્ષા
કેમ કરવી તે મને શીખવ.

શ્રી હિંમતભાઈ તથા શ્રી ભરતભાઈના જય જિનેન્દ્ર

For Private And Personal